dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 264 | AD - 2026, Jeth Vad -01 | Tuesday, Dt. 30-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૧૦૦થી વધુ ગામો પાણીમાં ગરકાવ, હજારો લોકો પ્રભાવિત, બચાવ કામગીરી તેજ

## પૂર્વોત્તર ભારતમાં મેઘતાંડવ : અસમ અને અરુણાચલમાં પૂર-ભૂસ્ખલનથી તબાહી

ગૌહાતી,તા.૨૯

પૂર્વોત્તર ભારતમાં ચોમાસાની શરૂઆત સાથે જ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અરુણાચલ પ્રદેશ અને અસમમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા અવિરત ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પૂર અને ભૂસ્ખલનની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને કારણે નદીઓ બે કાંઠે વહેતા નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. અસમમાં ૧૦૦થી વધુ ગામોમાં પૂરના પાણી ફરી વળતા હજારો લોકો મુશ્કેલીમાં મુકાયા છે, જ્યારે અરુણાચલ પ્રદેશમાં કુદરતી આપત્તિના કારણે અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. અનેક લોકો હજુ પણ ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેમની શોધખોળ ચાલુ છે.પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વાયુસેના તેમજ SDRFની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત બચાવ અને રાહત કામગીરી ચલાવી રહી છે. ઘણા વિસ્તારોમાં રસ્તાઓ બંધ થઈ જતા અને પાણી ભરાઈ જતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરીમાં ભારે મુશ્કેલીઓ આવી રહી છે. બચાવ ટીમો બોટ અને અન્ય સાધનોની મદદથી લોકોને સલામત સ્થળે પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે. અરુણાચલ પ્રદેશમાંથી આવતા પૂરના પાણીના જોરદાર પ્રવાહને કારણે અસમના ધેમાજી જિલ્લામાં સૌથી વધુ નુકસાન થયું છે. ૨૮ જૂનના રોજ કેમી નદી પર બનાવવામાં આવેલો લગભગ ૩૦૦ મીટર લાંબો લોખંડનો પુલ ધસમસતા પાણીમાં તૂટી જઈ સંપૂર્ણપણે વહી ગયો હતો. પુલ તૂટી



પડતા કેમી-પુરાના જેલોમ વિસ્તાર અને જોનાઈ સદર વચ્ચેનો માર્ગ સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે. જેના કારણે હજારો લોકો બહાર નીકળી શકતા નથી અને તેમને દવાઓ, ખાદ્યસામગ્રી તેમજ હોસ્પિટલ જેવી જરૂરી સેવાઓ મેળવવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. આ ઉપરાંત સિમેન નદી પર આવેલો રેલવે બ્રિજ પણ આંશિક રીતે નુકસાનગ્રસ્ત બન્યો હોવાનું સામે આવ્યું છે.અસમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણના જણાવ્યા મુજબ માત્ર ધેમાજી જિલ્લામાં જ ૨૦ હજારથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. અસમ-અરુણાચલ સરહદ નજીક આવેલો જોનાઈ વિસ્તાર સંપૂર્ણપણે પૂરના પ્રભાવ હેઠળ આવી ગયો છે. બહીર ચિલે પંચાયતના લગભગ ૪૦ ગામો અને બહીર જોનાઈ પંચાયતના ૬૦થી વધુ ગામોમાં પાણી ફરી વળતા લોકોના જનજીવન પર ગંભીર અસર પડી છે. સેંકડો એકર ખેતીનો પાક પાણીમાં નાશ પામ્યો છે, જ્યારે અનેક પશુઓ પણ પૂરના પ્રવાહમાં તણાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય સરકારે નીચાણવાળા વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરીને લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે.અરુણાચલ પ્રદેશના લોઅર સિયાંગ જિલ્લાના સિજી વિસ્તારમાં ભૂસ્ખલનની એક હચમચાવી દેનારી ઘટના પણ સામે આવી છે. અહીં પહાડનો મોટો ભાગ અચાનક ધરાશાયી થતાં રસ્તા પરથી પસાર થઈ રહેલો એક બાઈક સવાર કાટમાળ સાથે ખીણ તરફ ખેંચાઈ ગયો હતો. જોકે સદનસીબે સ્થાનિક લોકો અને બચાવ ટીમની મદદથી તેનો આબાદ બચાવ કરવામાં સફળતા મળી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ ઝડપથી વાયરલ થયો છે.આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકારે પણ સ્થિતિ પર સતત નજર રાખી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા સાથે ટેલિફોન પર વાત કરીને પૂરની સ્થિતિ અને રાહત કામગીરી અંગે માહિતી મેળવી હતી. તેમણે કેન્દ્ર સરકાર તરફથી દરેક શક્ય મદદ આપવાની ખાતરી આપી છે.

## અરુણાચલ સરહદે ચીનના ઘૂસણખોરીના દાવાથી ચિંતા, સ્થાનિક આદિવાસીઓના આક્ષેપ

નવી દિલ્હી,તા.૨૯

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સરહદી વિવાદ વચ્ચે અરુણાચલ પ્રદેશના અપર સુબનસિરી જિલ્લાના સરહદી વિસ્તારમાંથી ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. સ્થાનિક નાહ આદિવાસી સમુદાયે દાવો કર્યો છે કે ચીનની સેના સરહદ નજીક ભારતીય વિસ્તારમાં ધીમે ધીમે ગેરકાયદેસર રીતે આગળ વધી રહી છે. આ મામલે નાહ કલ્યાણ સંસ્થાએ જિલ્લા પ્રશાસનને અરજી આપી સમગ્ર ઘટનાની તપાસ કરવાની માંગ




કરી છે.સમુદાયના જણાવ્યા મુજબ છેલ્લા છ વર્ષ દરમિયાન તેમના પૂર્વજોની ખેતીલાયક જમીન તેમજ પશુઓના ચરાણ માટે ઉપયોગમાં લેવાતી ગોચર ભૂમિના મોટા ભાગ પર ચીને કબજો જમાવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે વર્ષોથી આ વિસ્તારમાં ચીનની ગતિવિધિઓ વધી રહી હતી, પરંતુ વર્ષ ૨૦૨૦ બાદ તેમાં નોંધપાત્ર વધારો થયો છે.આદિવાસી સમુદાયે ઓયિંગ, પોત્રંગ, તિન્દિનતાંગ, પનિઆર અને મરપન સહિત પાંચ વિસ્તારોનો ઉલ્લેખ કરીને જણાવ્યું છે કે અગાઉ આ વિસ્તારો પર ભારતનું નિયંત્રણ હતું, જ્યારે હવે ત્યાં ચીની સૈનિકોની અવરજવર અને અન્ય પ્રવૃત્તિઓ જોવા મળી રહી છે. સાથે જ સરહદ નજીક રસ્તાઓ અને છાવણીઓ ઉભી કરાઈ હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. સ્થાનિક આગેવાનોએ જણાવ્યું કે ભારતીય સુરક્ષા દળો પર તેમને સંપૂર્ણ વિશ્વાસ છે, પરંતુ ચીનની વધતી ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને વધુ સતર્કતા જરૂરી બની છે.

## અમરનાથ યાત્રા પહેલા બાબા બર્ફાનીની પ્રથમ પૂજા, તમામ તૈયારીઓ કરાઈ પૂર્ણ

શ્રીનગર,તા.૨૯

અમરનાથ યાત્રાની શરૂઆત પહેલા સોમવારે બાબા બર્ફાનીની પ્રથમ પૂજા સંપન્ન કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાની હાજરીમાં આ ધાર્મિક વિધિ યોજાઈ હતી. પ્રથમ પૂજા બાદ યાત્રાની તમામ તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ વર્ષે યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૨૮ ઓગસ્ટના રોજ રક્ષાબંધનના પવિત્ર દિવસે પૂર્ણ થશે. કુલ ૫૭ દિવસ સુધી ચાલનારી આ યાત્રામાં



દેશભરમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાશે. ૧૫ એપ્રિલથી શરૂ થયેલી નોંધણી પ્રક્રિયામાં અત્યાર સુધીમાં ૪ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ નામ નોંધાવ્યા છે. પ્રથમ જથ્થો ૨ જુલાઈએ જમ્મુના ભગવતી નગર આધાર શિબિરથી રવાના થશે. યાત્રાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે માર્ગ પર આરોગ્ય સેવાઓ, તાત્કાલિક સારવાર અને અન્ય જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. બાલટાલ અને ચંદનવાડી ખાતે આધાર હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી છે. બંને માર્ગો પર સુરક્ષા વ્યવસ્થા પણ વધુ મજબૂત બનાવવામાં આવી છે. ચંદનવાડીથી પવિત્ર ગુફા તરફ જતા માર્ગ પર મહાગણેશ ટોપ નજીક બરફ દૂર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી છે અને આગામી થોડા દિવસમાં પૂર્ણ થશે. યાત્રા માટે બે માર્ગ ઉપલબ્ધ રહેશે. પરંપરાગત પહેલગામ માર્ગ લાંબો હોવાથી યાત્રાળુઓને ધીમે ધીમે ઊંચાઈની આબોહવામાં અનુકૂળ થવામાં મદદ મળે છે. આ માર્ગ પર શેષનાગ અને પંચતરણી જેવા પવિત્ર સ્થળોના દર્શનનો લાભ પણ મળે છે.

### પ્રવાસ દરમિયાન ભારત અને સેશેલ્સ વચ્ચે કુલ ૧૯ મહત્વના કરારો તેમજ વિકાસ પરિયોજનાઓની જાહેરાત

## પીએમ મોદી સેશેલ્સમાં ભારતીય સમુદાયના લોકોને મળ્યા

નવી દિલ્હી,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રણ દિવસીય સેશેલ્સ પ્રવાસના અંતિમ દિવસે વિક્ટોરિયામાં



ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરી હતી. તેમણે પ્રવાસી ભારતીયો સાથે વાતચીત કરી અને તેમની સાથે તસવીરો પણ પડાવી હતી. પ્રવાસ દરમિયાન ભારત અને સેશેલ્સ વચ્ચે કુલ ૧૯ મહત્વના કરારો તેમજ વિકાસ પરિયોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આ કરારોને ઐતિહાસિક માનવામાં આવી રહ્યા છે. સૌથી મહત્વની જાહેરાત તરીકે હવે સેશેલ્સમાં ભારતની UPI આધારિત ડિજિટલ ચુકવણી વ્યવસ્થા શરૂ કરવામાં આવશે. ભારત અત્યાર સુધી ૨૩થી વધુ દેશો સાથે UPI સંબંધિત કરારો કરી ચૂક્યું છે અને હાલમાં ૯ દેશોમાં આ સુવિધા કાર્યરત છે. ભારતે સેશેલ્સને ૧,૨૫૦ કરોડ રૂપિયાની લાઈન ઓફ ક્રેડિટ પણ આપવાની જાહેરાત કરી છે.


## અમેરિકા અને ઈરાન વચ્ચે હાલ પૂરતો હુમલા વિરામ, કતારમાં ફરી શરૂ થશે મહત્વની વાતચીત

નવી દિલ્હી,તા.૨૯

અમેરિકા અને ઈરાને હાલ પૂરતું એકબીજા પર સૈન્ય હુમલા રોકવા માટે સંમતિ દર્શાવી છે. છેલ્લા ત્રણ દિવસથી બંને દેશો વચ્ચે ચાલી રહેલા હુમલાઓ બાદ તણાવ ઘટાડવાના પ્રયાસો શરૂ થયા છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા મુજબ, ૧૭ જૂને અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારના તમામ મુદ્દાઓ પર હજુ પણ ચર્ચા ચાલુ રહેશે. આ પ્રક્રિયાના ભાગરૂપે મંગળવારે કતારમાં બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે ટેકનિકલ સ્તરની વાટાઘાટો યોજાશે. કરાર મુજબ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા વ્યાવસાયિક જહાજોની અવરજવર પર કોઈ રોક લગાવવામાં આવશે નહીં. તાજેતરમાં આ મહત્વપૂર્ણ જળમાર્ગને લઈને બંને દેશો વચ્ચે ભારે તણાવ સર્જાયો હતો. અમેરિકાએ ઈરાનના મિસાઈલ અને રડાર મથકો પર કાર્યવાહી કરી હતી, જ્યારે ઈરાને જવાબી કાર્યવાહીમાં કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા.

હાલ બંને દેશોએ સૈન્ય કાર્યવાહી સ્થગિત કરીને રાજદ્વારી વાતચીત દ્વારા ઉકેલ લાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.






નોટીસ આપ્યા બાદ શાંતિપૂર્ણ દબાણ હટાવવામાં આવ્યા હતા

# અમરેલીમાં પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવની કામગીરી

અમરેલી,તા.૨૯

અમરેલી શહેરમાં લાંબા સમયથી ટ્રાફિકની સમસ્યા અને જાહેર માર્ગો પર વધતા દબાણોને લઈને ઉઠતી ફરિયાદોને ધ્યાનમાં રાખી આજે નગરપાલિકા અને માર્ગ મકાન વિભાગે સંયુક્ત રીતે મેગા દબાણ હટાવ અભિયાન હાથ ધર્યું હતું. સેન્ટર પોઈન્ટથી રૂપમ ટોકીઝના ઢાળ, ગઢીની રાંગ તેમજ લાઠી રોડ બાયપાસ સુધીના વિસ્તારોમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર કામગીરી દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણમાં દબાણો દૂર કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા અગાઉથી સંબંધિત લોકોને નોટિસ આપવામાં આવી હતી. જેના કારણે મોટા ભાગના દબાણકારોએ સ્વૈચ્છિક રીતે પોતાના દબાણો દૂર કરી દીધા હતા. તેના પરિણામે કામગીરી ઝડપથી પૂર્ણ થઈ હતી. જોકે જ્યાં હજુ પણ દબાણો યથાવત હતા ત્યાં તંત્રએ જરૂરી સાધનોની મદદથી દબાણો દૂર કર્યા હતા. સમગ્ર અભિયાન દરમિયાન પોલીસ અને વહીવટી તંત્ર સતત સ્થળ પર હાજર રહ્યું હતું જેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે.પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે અગાઉથી નોટિસ આપવાની



પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી અને મોટાભાગના લોકોએ નિયમોનું પાલન કરીને દબાણો દૂર કર્યા હતા. બાકી રહેલા દબાણો સામે આજે સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં ફરી દબાણ ઉભા ન થાય તે માટે નગરપાલિકા અને માર્ગ મકાન વિભાગને દર અઠવાડિયે સ્થળ નિરીક્ષણ કરવાની અને નવા દબાણ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. તંત્રના જણાવ્યા મુજબ હાલની કામગીરી પૂર્ણ થયા બાદ બાયપાસ વિસ્તારમાં પણ દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. તે પહેલા સંબંધિત લોકોને નિયમ મુજબ નોટિસ આપવામાં આવશે. જાહેર માર્ગો પર કોઈપણ પ્રકારના નવા દબાણને સહન કરવામાં આવશે નહીં તેવી સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી હતી. અમરેલી શહેરમાં અગાઉ પણ દબાણ દૂર કર્યા બાદ ફરીથી દબાણ થવાની ફરિયાદો અનેક વખત સામે આવી હતી. તેથી આ વખતે માત્ર દબાણ દૂર કરવાની કાર્યવાહી સુધી મર્યાદિત ન રહી નિયમિત દેખરેખ રાખવાની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. સમગ્ર અભિયાનમાં અંદાજે પચાસ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા જેમાં પોલીસના જવાનો ઉપરાંત નગરપાલિકા અને માર્ગ મકાન વિભાગનો સ્ટાફ પણ ફરજ પર તૈનાત રહ્યો હતો. તંત્રનું માનવું છે કે આ કાર્યવાહીથી શહેરના મુખ્ય માર્ગો વધુ સુગમ બનશે અને વાહન વ્યવહારને પણ રાહત મળશે.

# દામનગરમાં જનક તળાવીયાની ઉપસ્થિતિમાં 'મન કી બાત' કાર્યક્રમનું સામૂહિક શ્રવણ

દામનગર, તા. ૨૯

દામનગર ખાતે ભાજપ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'નું સામૂહિક શ્રવણ યોજાયું હતું, જેમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ દેશના વિકાસ, આત્મનિર્ભર



ભારત, મહિલાશક્તિ અને પર્યાવરણ જેવા રાષ્ટ્રહિતના વિવિધ મુદ્દાઓ પર રજૂ કરેલા વિચારોને સૌએ એકાગ્રતાપૂર્વક સાંભળ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું કે, 'મન કી બાત' સામાન્ય નાગરિકોને પ્રેરણા આપતું એક જનઆંદોલન છે, જે લોકોમાં રાષ્ટ્રપ્રેમ અને જનભાગીદારી મજબૂત કરે છે. કાર્યક્રમ બાદ તેમણે આગેવાનો સાથે સંગઠનાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

# સા.કુંડલામાં મહેશભાઈ કસવાળા દ્વારા નવા રસ્તાઓ માટે નિરીક્ષણ કરાયું

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાના નાગરિકોની સુવિધા વધારવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની આગેવાનીમાં શહેરના વિવિધ વિસ્તારોની મુલાકાત લેવામાં આવી હતી. ભુવા રોડ, માધવાણીની વાડી, લખુબાપુની વાડી અને



શિવાજી નગર જેવા વિસ્તારોના લોકોને સીધા હાઈવે સુધીની કનેક્ટિવિટી મળી રહે તે માટે તેમણે રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે નવા રોડ-રસ્તાઓ ખુલ્લા કરવાની શક્યતાઓ ચકાસીને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.

આ નવા રસ્તાઓ બનવાથી સ્થાનિક લોકોનો વાહન વ્યવહાર વધુ સરળ અને સુગમ બનશે.

# ગોઢાવદર પ્રા.શાળામાં સંયુક્ત નિયામક નીપલબેન પટેલની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રવેશોત્સવ યોજાયો

લીલીયા, તા. ૨૯

લીલીયા તાલુકાની ગોઢાવદર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંયુક્ત નિયામક નીપલબેન ડી. પટેલની ખાસ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં આંગણવાડી અને બાલવાટિકાના બાળકોને શાળા પરિવાર, ગ્રામજનો તથા કિસાન સહકારી મંડળી દ્વારા શૈક્ષણિક કીટ આપીને હરખભેર



પ્રવેશ કરાવાયો હતો. આ સાથે જ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, આચાર્ય, સ્ટાફ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ જે.પી. ભાસ્કર અને ધવલભાઈ જોષી દ્વારા કરવામાં આવી હતી.

# દામનગરમાં જુનું પોલીસ સ્ટેશન બન્યું પશુઓ માટેનું આરામ સ્થળ

દામનગર, તા. ૨૯



દામનગર શહેરમાં ૧૩૫ વર્ષ પહેલાં સર દામાજીરાવ ગાયકવાડ સરકારે વહીવટી કાર્યો માટે કચેરી અને બીજી બે ઈમારત, એક પોલીસ સ્ટેશન, એક ગ્રામ પંચાયત કચેરીનું નિર્માણ કરાવ્યું હતું. આ કચેરીઓનો હવે અન્ય કોઈ સારા કાર્યો માટે ઉપયોગ થતો ન હોય તે અત્યારે ખંઢેર હાલતમાં હાલતમાં છે. પોલીસ સ્ટેશનના એક રૂમમાં ગાય માતા, આખલાઓ અને ભૂંડને આરામ કરવા માટે છાંયો હોય તેવું સ્થળ મળી જતાં તેઓ આરામ ફરમાવતા હોય છે. ત્યાં ગંદકીના થર અને આડેધડ પ્લાસ્ટિકના જબલા સહિતનો કચરાના ઢગલાથી સ્વચ્છતાના લીરે લીરા ઉડે છે.

# વડેરા અને રંગપુરમાં નાના બાળકોને પોલિયોની રસી આપવામાં આવી

અમરેલી, તા. ૨૯

આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા નીચે આવતાં વડેરા અને રંગપુર ગામમાં નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત ૦ થી ૫ વર્ષના ગામમાં તથા વાડી વિસ્તારમાં રહેતા ૨૩૦ બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી, તાલુકા આરોગ્ય અધિકારી ડો. એસ. બી સતાણી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા આંકડીયાના મેડિકલ ઓફીસર ડો. મીત મોદીના માર્ગદર્શન



હેઠળ આ કામગીરીને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર વડેરાના સ્થાનિક સ્ટાફ કોમ્યુનિટી હેલ્થ ઓફીસર સપનાબેન રાણવા, કે. બી દુધાત, ડી. જી રાજ્યગુરૂ, બિલ્કીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવએ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી એસટી ડેપો ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા હનુમાન ચાલીસાનો કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૨૯

અમરેલી એસટી ડેપો ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય મજદૂર પરિષદ દ્વારા કેસરીનંદન હનુમાનજીના સાનિધ્યમાં ધૂન અને હનુમાન ચાલીસાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયા હેલ્થ લાઈનના સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડૉ. દેસાણી,




રાષ્ટ્રીય મજદૂર પરિષદના સુરેશભાઈ સોલંકી, વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર, જિલ્લા પ્રમુખ નિલેશભાઈ સોલંકી, મંત્રી જીતેન્દ્રભાઈ ભટ્ટ અને રાષ્ટ્રીય બજરંગ દળના જીગ્નેશભાઈ ક્યાડા સહિત એસટી યુનિયનના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન આગામી દિવસોમાં હનુમાનજીના સાનિધ્યમાં દર શનિવારે સાપ્તાહિક કેન્દ્ર શરૂ કરવા માટે ઉપસ્થિત તમામ ભાઈઓને અપીલ અને પ્રાર્થના કરવામાં આવી હતી.

# અમરેલી જિલ્લા બજરંગ દળની નવી ટીમ જાહેર

અમરેલી, તા. ૨૯

વિશ્વ હિંદુ પરિષદના સહયોગી સંગઠન બજરંગ દળને વધુ સંગઠિત અને કાર્યક્ષમ બનાવવા માટે અમરેલી જિલ્લાની નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. ભાવનગર વિભાગના સંયોજક ગીગુભાઈ આહિરના હસ્તે વિવિધ હોદ્દેદારોની નિમણૂક કરાઈ હતી જેમાં જીગીશુભાઈ મહેતાને જિલ્લા સંયોજક તરીકેની મુખ્ય જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત



કરણભાઈ વાજા, ઈન્દ્રજીતસિંહ ચૌહાણ અને ભાર્ગવભાઈ માવાણીને જિલ્લા સહસંયોજક બનાવવામાં આવ્યા છે. જ્યારે માધવભાઈ ભટ્ટને સાપ્તાહિક મિલન કેન્દ્રના સંયોજક અને કુણાલભાઈ જોશીને સુરક્ષા સંયોજક તરીકે નિયુક્ત કરાયા છે. સુરક્ષા સહસંયોજક તરીકે આર્યનભાઈ ભુવા અને રઘુવીરભાઈ ભુવા કાર્યભાર સંભાળશે. યુવા શક્તિને જોડવા આર્યનભાઈ માધડને વિદ્યાર્થી સંયોજક અને ભવ્યભાઈ ભુવાને વિદ્યાર્થી સહસંયોજક બનાવાયા છે જ્યારે સુમિતભાઈ સિંધવને ગૌરક્ષક અને વરૂણભાઈ ભટ્ટને બલોપાસના સંયોજક તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ પ્રસંગે આગેવાનોએ નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા અને સૌએ સંગઠનને મજબૂત બનાવી રાષ્ટ્રસેવાના કાર્યો વેગવંતા કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.









એક પછી એક સિંહબાળના થતા મોતને લઈ સિંહપ્રેમીઓમાં ભારે રોષ

# દલખાણીયા રેન્જમાં સિંહબાળના મોતનો પીએમ રીપોર્ટ જાહેર

**મલ્ટીપલ ઓર્ગન ફેલ્યરને કારણે મોત થયુ હોવાનો પોસ્ટમાર્ટમમાં થયો ખુલાસો**

ધારી,તા.૨૯

ધારી ગીર પૂર્વ વિભાગની દલખાણીયા પરિસરમાં એક સિંહબાળનો મૃતદેહ મળી આવતા સમગ્ર વનતંત્રમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની પ્રાથમિક તપાસમાં સિંહબાળનું મોત વીજ કરંટ લાગવાને કારણે થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી પરંતુ પોસ્ટમાર્ટમમાં મલ્ટીપલ ઓર્ગન ફેલ્યરને કારણે થયુ હોવાનુ સામે આવ્યુ છે. આ ઘટનાને ગંભીરતાથી લઈ વનતંત્ર દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. મૃતદેહ મળ્યા બાદ તાત્કાલિક તેને કબજામાં લઈ નિયમ મુજબ મૃતદેહનું પરીક્ષણ કરવામાં આવ્યું હતુ. જ્યારે ઘટનાના સાચા કારણ સુધી પહોંચવા માટે વિવિધ દિશામાં તપાસ આગળ વધારવામાં આવી હતી. આ ઘટના બે દિવસ પહેલા દલખાણીયા ગામના રેવન્યૂ વિસ્તારમાં બની હોવાનું સામે આવ્યું છે. સિંહબાળનું મોત અકસ્માતે થયું છે કે પછી કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિનો ભોગ બન્યું છે તે જાણવા માટે વનતંત્રની અનેક ટીમો સતત તપાસમાં લાગી



ગઈ હતી જેમાં સમગ્ર વિસ્તારનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતુ તેમજ જ્યાં ઘટના બની હોવાનું માનવામાં આવે છે ત્યાંથી જરૂરી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. વનતંત્રે શંકાના આધારે કેટલાક સ્થાનિક લોકોની પૂછપરછ શરૂ કરી હતી. તપાસ દરમિયાન કોઈ મહત્વની માહિતી મળે તે માટે આસપાસના વિસ્તારોમાં પણ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ શરૂઆતમાં સિંહબાળનો મૃતદેહ કોણે ત્યાં પહોંચાડ્યો અને ઘટના કેવી રીતે બની તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નહોતી. જેના કારણે સમગ્ર મામલો ગોપનીય રાખવાનો પ્રયાસ થયો હોવાની ચર્ચા પણ ઉઠી હતી. આ ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક તપાસને વધુ ઝડપી બનાવવા સૂચના આપી હતી. ત્યારબાદ વનતંત્રની વિવિધ ટીમો સતત કામગીરી કરી હતી. આ અંગે ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવે જણાવ્યું હતું કે વીજ કરંટના મોતની આશંકાને લઈ પીજીવીસીએલની ટીમને સાથે સમગ્ર વિસ્તારનું સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતુ. જેમાં વીજ કરંટને લઈ સિંહ બાળનુ મોત થયુ હોવાનુ સ્પષ્ટ થયુ નહોતુ. પોસ્ટમાર્ટમ રીપોર્ટમાં સિંહબાળનુ મોત મલ્ટીપલ ઓર્ગન ફેઈલ થવાને કારણે થયુ હોવાનું સામે આવ્યું છે. સિંહબાળ ૬ માસનું હોવાનું અંતમાં ડીસીએફ વિકાસ યાદવે જણાવ્યું હતુ.

# સાવરકુંડલામાં મોહરમના તહેવાર બાબતે થયેલી બોલાચાલીમાં સામસામી ફરિયાદ

**જાનથી મારી નાખવાની ધમકી આપી**


સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલામાં મોહરમના તહેવાર બાબતે થયેલી બોલાચાલીમાં સામસામી ફરિયાદ નોંધાઈ હતી. કૌશરબેન રીઝવાનભાઈ ચાંદે (ઉ.વ. ૩૨) નવાઝભાઈ યુનુસભાઈ સૈયદ, નુસરતબેન ઈમ્તિયાઝભાઈ સૈયદ તથા નૌશાદભાઈ યુનુસભાઈ સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના પતિ સાથે નૌશાદભાઈને મોહરમના તહેવાર બાબતે સામસામે બોલાચાલી થઈ હતી. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂઢ માર મારી ઈજા કરી હતી તેમજ ત્યાંથી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ અંગે નુસરતબેન ઈમ્તિયાઝભાઈ સૈયદે (ઉ.વ.૨૮) રીઝવાનભાઈ ચાંદ તથા કૌશરબેન રીઝવાનભાઈ ચાંદ સામે ફરિયાદ નોંધાવી હતી. જે પ્રમાણે, તેના ભાઈ નવાઝભાઈને રીઝવાનભાઈ ચાંદે મોહરમના તહેવાર બાબતે સંભળાવ્યું હતું. જે બાબતનું મનદુઃખ રાખી તેને તથા તેના ભાઈને બંને આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે આડેધડ ઢીકાપાટુથી મૂઢ માર માર્યો હતો. બંને આરોપીઓ ત્યાંથી જતા જતા તેને તથા તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના મતિરાળા પીએચસી ખાતે ડિજિટલ એક્સ-રે કેમ્પ યોજાયો

લાઠી,તા.૨૯

રાષ્ટ્રીય ટીબી નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ચાલી રહેલી ૧૦૦ દિવસ ટીબી નિદાન ઝુંબેશના ભાગરૂપે લાઠી તાલુકાના મતિરાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડિજિટલ એક્સ-રે કેમ્પ યોજાયો હતો. કેમ્પ દરમિયાન ટીબીના શંકાસ્પદ લક્ષણો ધરાવતા તેમજ જોખમી ચિહ્નો જોવા મળેલા કુલ ૯૨ લાભાર્થીઓના છાતીના ડિજિટલ એક્સ-રે કરવામાં



આવ્યા હતા. હેન્ડ હેલ્ડ ડિજિટલ એક્સ-રે મશીનની મદદથી સ્થળ પર જ તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ તબીબો દ્વારા દર્દીઓની તપાસ કરી જરૂરી સલાહ અને સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પનો મુખ્ય હેતુ મતિરાળા સહિત કેરાળા, અલીઉદેપુર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને આધુનિક આરોગ્ય સેવા ગામ નજીક જ ઉપલબ્ધ કરાવવાનો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન લાઠીના ડો. આર. આર. મકવાણાના માર્ગદર્શન હેઠળ ડો. હરિવદન પરમાર, ધર્મેશ વાળા, નિમેશ મેશીયા તથા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવ્યુ હતું. કેમ્પને ગ્રામજનો તરફથી સારો પ્રતિસાદ પણ મળ્યો હતો.

# ધારી અને હેમાળ ગામેથી સગીરાનું બદકામના ઈરાદે કરાયું અપહરણ

ધારી, તા. ૨૯

અમરેલી જિલ્લામાંથી વધુ બે સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું. ધારીમાં રહેતા યુવકે ગીર ગઢડા તાલુકાના સમઢીયાળા ગામના અશ્વિનભાઈ ભીખાભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર બહેનને લલચાવી-ફોસલાવી, લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો.

ધારી પોલીસ સ્ટેશનના પી. આઈ. કે. બી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.હેમાળ ગામે રહેતી એક મહિલાએ જૂની જીકાદ્રી ગામના મહેશભાઈ મનસુખભાઈ જોગદીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેની સગીર પુત્રીને લલચાવી-ફોસલાવીને બદકામના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો.

ડુંગર પોલીસ સ્ટેશનના પી. આઈ. વી. એસ. પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં તાજીયા દર્શન કરવા ગયેલી મહિલા ગુમ

બગસરા, તા. ૨૯

બગસરામાં તાજીયા દર્શન કરવા ગયેલી મહિલા ગુમ થઈ હતી. આ અંગે નાજીરભાઈ હનીફભાઈ ભટ્ટી (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, તેમના માતા હમીદાબેન હનીફભાઈ ભટ્ટી (ઉ.વ.૫૦) વિજયચોકમાં તાજીયાના દર્શન કરવા ગયા હતા. ત્યાંથી તેઓ તેમની સાથે આવેલાં બહેનોથી છૂટા પડી ક્યાંક ચાલ્યા ગયા હતા અને આજ દિન સુધી મળી આવ્યા નથી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે.

# માલણ નદીના ડેમના પાણીમાં ડૂબી જવાથી કંટાળા ગામના યુવકનું સારવારમાં મોત

ખાંભા, તા. ૨૯

માલણ નદીના ડેમના પાણીમાં ડૂબી જવાથી ખાંભાના કંટાળા ગામના યુવકનું સારવારમાં મોત થયું હતું. આ અંગે વિઠ્ઠલભાઈ ભગવાનભાઈ રાઠોડ (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, મનુભાઈ સોમાતભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) માલણ નદીના ડેમના પાળા ઉપરથી વાડી તરફ જતા હતા ત્યારે અકસ્માતે પગ લપસી જતાં ડેમના પાણીમાં પડી ડૂબી જવાથી સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના કોઠાપીપરીયા ગામના યુવકે ઝેરી દવા પીતા મોત

**ધારી પોલીસ સ્ટેશન દ્વારા તપાસ શરૂ કરવામાં આવી**

ધારી, તા. ૨૯

ધારીના કોઠાપીપરીયા ગામના એક યુવકે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. રમેશભાઈ નારણભાઈ દાફડા (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, પ્રવિણભાઈ વાલજીભાઈ દાફડા (ઉ.વ. ૪૨) કોઠાપીપરીયા ગામની સીમમાં આવેલા ગૌચર પાસે, ઈંટોના ભઠ્ઠા નજીક પોતાની મેળે ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.ડી. વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.


## શ્રી વઢેરા પ્રાથમિક શાળા પી એમ શ્રી ગુજરાત

તા.-જાફરાબાદ, જી.-અમરેલી

ડાયસ કોડઃ-૨૪૧૩૦૫૦૪૦૦૧ | -: જાહેરાત :- | તા. :- ૨૪-૦૬-૨૦૨૬

જિલ્લા શિક્ષણ સમિતિ- અમરેલી સંચાલિત શ્રી વઢેરા પ્રાથમિક શાળા પી એમ શ્રી ગુજરાત તા.-જાફરાબાદ, જી.-અમરેલી તા.-૩૧/૦૩/૨૦૨૭ સુધી કરાર આધારીત ૨૦૦ દિવસ માટે નીચે મુજબની જગ્યા પર લાયકાત ધરાવતા રિસોર્સ પસંદગી જરૂર છે.ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ શાળા સમય દરમિયાન જાહેરાત અથવા ૭ દિવસમાં રૂબરૂ અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | યોગા કમ સ્પોર્ટ ટીચર/કોચ | માન્ય યુનિવર્સિટીના કોઈપણ શિક્ષણાખાના સ્નાતક અને C.P.ED./ D.P.ED./B.P.ED./ B.A. IN YOGA/ માસ્ટર ઓફ યોગિક આર્ટ એન્ડ સાધન્સ (M. YA,SC- 2- વર્ષ) અથવા B.P.E. | ૫૦૦/- રૂ. પ્રતિ દિવસ |
| ૨ | મ્યુઝીક કમ ડાન્સ રિસોર્સ પર્સન | સંગીત વિશારદ | ૬૪૦/- રૂ. પ્રતિ દિવસ |
| ૩ | આર્ટ & કાફ્ટ રિસોર્સ પર્સન | એ.ટી.ડી. | ૬૪૦/- રૂ. પ્રતિ દિવસ |
| ૪ | કમ્પ્યુટર રિસોર્સ પર્સન | (1) B.Com/B.Sc./BBA સાથે PGDCA કોર્ષ તથા તેની સમકક્ષ ૧ (એક) વર્ષની કોર્સ (સરકાર/યુ.જી.સી. માન્ય અથવા (2) B.E.(computer/IT) અથવા (3) B.C.A. અથવા (4) M.C.A. અથવા (5) M.Sc. (IT/C.S.) અનુભાવઃ- કમ્પ્યુટર કામગીરીની ૧ (એક) વર્ષની સંસ્થાકીય અનુભાવ | ૬૪૦/- રૂ. પ્રતિ દિવસ |

★ ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારે પોતાની લાયકાતની પ્રમાણિત નકલ સાથે અરજી શાળાના કાર્યાલયમાં જાહેરાતના ૦૭ દિવસમાં રૂબરૂ આપવાની રહેશે.
★ આ કરાર તા.-૩૧/૦૩/૨૦૨૭ સુધી જ અમલી રહેશે.
★ મેરીટના ધોરણે માત્ર ૨૦૦ દિવસ માટે જ અનુબાલીને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
★ શાળાના કામકાજના પ્રવોક દિવસે નિયમિત શાળા સમયમાં ઉપસ્થિત રહીને કામગીરી કરવાની રહેશે.

આચાર્યશ્રી તથા
શાળા વ્યવસ્થાપક સમિતિ
શ્રી વઢેરા પ્રાથમિક શાળા પી એમ શ્રી ગુજરાત
તા. - જાફરાબાદ, જી. - અમરેલી



સંકુલ PTC કોલેજ ગુજરાતી મિડીયમ પ્રવેશ
સંકુલ PTC કોલેજ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી - Ad 115













## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૯/૨૦૨૬

શ્રી વિપુલભાઈ રવજીભાઈ બાબરીયા
રહે. ડમરાળા, તા.ભેંસાણ, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ડમરાળા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી વિપુલભાઈ રવજીભાઈ બાબરીયાનો જન્મ તા.૧૪/૦૫/૧૯૭૭ના રોજ ગામ મોજેઃ ડમરાળા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ડમરાળા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ





**આરોપી છરી લઈને ડ્રાઈવરને મારવા દોડતા ફરજમાં રૂકાવટની ફરિયાદ**

# અમરેલી પાલિકાના કચરા કલેક્શન વાહન પર પથ્થરમારો

**પોલીસે નાસી છુટેલા આરોપીની શોધખોળ શરૂ કરી**

અમરેલી,તા.૨૯

અમરેલી શહેરમાં નગરપાલિકાના ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વાહનો પર પથ્થરમારાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર આનંદ ઠાકરે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ફરજમાં રૂકાવટ ઉભી કરવા તેમજ સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાના આરોપસર ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે આરોપી ચંદુભાઈ ગાગડિયા સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.ફરિયાદ મુજબ ચંદુભાઈ ગાગડિયાએ નગરપાલિકાના કચરા કલેક્શન વાહનો નંબર GJ-૧૪-GA-૧૩૮૫ અને GJ-૧૪-GA-૧૨૬૯ પર પથ્થરમારો




કર્યો હતો. પથ્થરમારાના કારણે બંને વાહનોના આગળના કાચ તૂટી ગયા હતા અને સરકારી સંપત્તિને નુકસાન પહોંચ્યું હતું. એટલું જ નહીં આરોપીએ છરી સાથે વાહનના ડ્રાઈવર અને અન્ય કર્મચારીઓનો પીછો કર્યો હતો તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સેનેટરી ઈન્સ્પેક્ટર આનંદ ઠાકરે પોલીસને જણાવ્યું કે આ ઘટના અગાઉ પણ આરોપી દ્વારા ખોટી છેડતીનો કેસ કરવાની ધમકી આપવામાં આવી હતી.

સમગ્ર બનાવ શહેરના ડમ્પ સાઈટ વિસ્તારમાં બન્યો હતો જ્યાં રોજ શહેરભરનો કચરો ઠાલવવામાં આવે છે. ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ધારીના જીરાની રક્ષા શક્તિ સ્કૂલમાં 'ઈજી લર્ન મેથ્સ' સેમિનાર યોજાયો

અમરેલી,તા.૨૯

જીરા સ્થિત રક્ષા શક્તિ સ્કૂલ ખાતે તાજેતરમાં 'ઈજી લર્ન મેથ્સ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે રસ, આત્મવિશ્વાસ અને તાર્કિક વિચારશક્તિનો વિકાસ કરવાનો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઓલ ઈન્ડિયા રામાનુજ મેથ્સ ક્લબના



ડાયરેક્ટર ડૉ. ચંદ્રમૌલી જોષીએ ગણિત સરળ રીતે શીખવાની વિવિધ યુક્તિઓ અને પધ્ધતિઓ સમજાવી હતી. તેમણે જણાવ્યું કે યોગ્ય માર્ગદર્શન અને નિયમિત અભ્યાસથી ગણિત સરળતાથી સમજી શકાય છે. કાર્યક્રમ ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને ડાયરેક્ટર શીતલબેન મહેતાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

# સાવરકુંડલામાં શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા રૂ. ૨૦ લાખના નવા ગૌશાળા શેડનું ભૂમિપૂજન

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલાના નેસડી રોડ પર, મેલડીધામની બાજુમાં આવેલી શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટની ગૌશાળામાં અંધ, અપંગ તથા બિનમાલિકી ગૌવંશ માટે નવા શેડના નિર્માણનો ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. અંદાજે રૂ. ૨૦ લાખના ખર્ચે તૈયાર થનારા ૧૫૦ ફૂટ × ૫૦ ફૂટના આ વિશાળ શેડથી સંસ્થામાં આશ્રિત ૧૫૦ જેટલા નિરાધાર ગૌવંશને વધુ સુરક્ષિત અને સુવિધાસભર



આશ્રય મળશે.આ પ્રસંગે મોટી સંખ્યામાં ગૌપ્રેમીઓ, દાતાઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે વિધિ સંપન્ન થઈ હતી અને મહાનુભાવોએ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

ટ્રસ્ટીઓએ જણાવ્યું કે સંસ્થા સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોના બીમાર તથા ઘાયલ ગૌવંશની નિઃસ્વાર્થ સેવા કરી રહી છે અને નવો શેડ ગૌમાતાની માવજતને વધુ ઉત્તમ બનાવશે. અંતમાં તમામ ઉપસ્થિતોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને GECના વિદ્યાર્થીઓ દ્વારા ખાંભા GIDCમાં જનજાગૃતિ અભિયાન

ખાંભા, તા. ૨૯

આવનારી પેઢીઓ માટે જળ સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉમદા હેતુ સાથે, ગીરગંગા પરિવાર ટ્રસ્ટ સંલગ્ન GEC કોલેજના ઈન્ટર્નશિપના વિદ્યાર્થીઓએ એક પ્રેરણાદાયી પહેલ હાથ ધરી છે. ખાંભા GIDC એસોસિએશનના પ્રમુખ અને જળ સંરક્ષણ ક્ષેત્રે અગ્રેસર ભરતભાઈ



ટીલવાના માર્ગદર્શન હેઠળ, આ વિદ્યાર્થીઓએ ખાંભા GIDC ની મુલાકાત લઈને ફેક્ટરી માલિકો અને કર્મચારીઓને જળ સંરક્ષણનું અનિવાર્ય મહત્વ સમજાવ્યું હતું.આ કાર્યક્રમ એક સક્રિય જનજાગૃતિ અભિયાનમાં ફેરવાયો હતો, જેમાં વિદ્યાર્થીઓએ દરેક ફેક્ટરીમાં જળ સંચય અંગેના સ્ટીકરો લગાવ્યા હતા અને લોકોને આ આંદોલનનો હિસ્સો બનાવવા દાન પેટીઓ પણ રાખી હતી. ભરતભાઈ ટીલવાના સતત પ્રયાસોમાંથી પ્રેરણા લઈને હવે યુવા પેઢી આ મિશનને આગળ ધપાવી રહી છે.

# મોરંગી ગામે યુવકને છરી લઈ મારવા દોડી જાનથી મારવાની ધમકી આપી

**ઢીકાપાટુનો મૂંઢ માર પણ માર્યો**

રાજુલા, તા. ૨૯

રાજુલાના મોરંગી ગામે યુવકને છરી લઈ મારવા દોડી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી, તેમજ ઢીકાપાટુનો મૂંઢ માર પણ માર્યો હતો. આ અંગે ભાવનગરના મહુવા તાલુકાના દુધાળા નંબર-૨ના રમેશભાઈ પાલજીભાઈ બારૈયા (ઉ.વ.૪૧) એ રાજુલાના મોરંગી ગામે રહેતા અશોકભાઈ મેઘાભાઈ વાઘ સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ, રમેશભાઈની બહેનના લગ્ન આરોપી સાથે થયા હતા. પરંતુ તેમની બહેનનું અવસાન થતાં અશોકભાઈએ તેમની સાથેનો સંબંધ પૂરો કરી નાખ્યો હતો અને રમેશભાઈને અવારનવાર મોરંગી ગામમાં આવવાની ના પાડી હતી. છતાં તેઓ મોરંગી આવતા આરોપીને સારું નહોતું લાગ્યું અને આ બાબતનું મનદુઃખ રાખી આરોપીએ ગાળો આપી, ઢીકાપાટુનો મૂંઢ માર મારી તેમજ છરી લઈ મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના કેરિયા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૮ ઝડપાયા

લાઠી, તા. ૨૯

લાઠીના કેરિયા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૮ ઈસમો ઝડપાયા હતા. અમરશીભાઈ રણછોડભાઈ વસાણીયા, બીજલભાઈ ખોડાભાઈ મેવાડા, મુકેશભાઈ ડાયાભાઈ મેવાડા, વિપુલભાઈ દાનાભાઈ મેવાડા, અક્ષયભાઈ દિલીપભાઈ વાઘેલા, કાંતીભાઈ જાદવભાઈ નાવડીયા, વિનોદભાઈ હિંમતભાઈ વાઘેલા તથા અજયભાઈ દિલીપભાઈ વાઘેલા જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજી-પતાના પાના તેમજ પૈસા વડે તીનપત્તી નામનો હાર-જીતનો જુગાર રમી રહ્યા હતા.

પોલીસ રેઈડ દરમિયાન આ તમામ ઈસમો રોકડા રૂ. ૪,૮૪૦ ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડિયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ભૂરખીયા-દામનગર રોડ ઉપર વાવ પાસે બાઈક ચાલકે દંપતીને અડફેટે લીધું

**અકસ્માત સર્જી વાહનચાલક ફરાર થઈ જતા પોલીસ દ્વારા શોધખોળ શરૂ કરાઈ**

દામનગર, તા. ૨૯

ભૂરખીયા-દામનગર રોડ ઉપર આવેલ ખોડીયાર માતાજીની વાવ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ગુંદરણ ગામે રહેતા કિરણબેન મુકેશભાઈ ચારોલા (ઉ.વ.૨૫)એ અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા તેમના પતિ મોટરસાયકલ લઈને ભૂરખીયા-દામનગર રોડ ઉપર આવેલ ખોડીયાર માતાજીની વાવ પાસે પહોંચ્યા ત્યારે અજાણ્યા મોટરસાયકલ ચાલકે ટક્કર મારી હતી.જેથી બાઈક સ્લીપ ખાઈ પડી જવાથી તેમને શરીરે છોલાણ, મૂંઢ ઈજા તથા જમણા હાથના કાંડાના ભાગે ફ્રેક્ચર થયું હતું. જ્યારે તેમના પતિ મુકેશભાઈને શરીરે છોલાણ, મૂંઢ ઈજા તથા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ એકમ
તા.૩૦-૦૬-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૩૦-૦૬-૨૦૨૬ મંગળવાર**

મેષઃ આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે.

વૃષભઃ ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.

મિથુનઃ આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે.

કર્કઃ આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો.

સિંહઃ આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.

કન્યાઃ આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે.

તુલાઃ આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.

વૃશ્ચિકઃ તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

ધનઃ આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

મકરઃ આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે.

કુંભઃ આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. વ્યાવસાયિક વિકાસથી આત્મવિશ્વાસ વધશે.

મીનઃ આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

# બાબરાના અમરાપરા સેન્ટર શાળામાં પોલિયો રસીકરણ અભિયાન યોજાયું

બાબરા,તા.૨૯

બાબરા તાલુકાના અમરાપરા સેન્ટર શાળા ખાતે બાળકોને પોલિયોથી સુરક્ષિત રાખવાના હેતુથી પોલિયો રસીકરણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન નિર્ધારિત વયના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી તેમને સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્ય માટે રસીકરણનો લાભ આપવામાં આવ્યો હતો. આ ખાસ કાર્યક્રમમાં અમરાપરા ગ્રામ પંચાયતના સભ્ય સુરેશભાઈ ધાખડા, આરોગ્ય અધિકારી નિલેશભાઈ ગોલ




તેમજ આશા વર્કર સોનલબેન બગથળીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનો અને આરોગ્ય કર્મચારીઓએ વાલીઓને દરેક બાળકને સમયસર પોલિયોના ટીપાં પીવડાવવા માટે અપીલ કરી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પોલિયો સામે સંપૂર્ણ રક્ષણ માટે દરેક બાળક સુધી રસીકરણ પહોંચે તે અત્યંત જરૂરી છે. આ સમગ્ર કાર્યક્રમ આરોગ્ય વિભાગ અને સ્થાનિક ટીમના સહયોગથી સંપન્ન થયો હતો.

# મૈત્રી કરાર બાદ પરિવાર નહીં સ્વીકારે તેવા ડરથી યુવકે ઝેરી ટીકડી ખાધી

**બાબરાના કરિયાણા ગામની ઘટના**

બાબરા,તા.૨૯

બાબરાના કરિયાણા ગામના એક યુવકે મૈત્રી કરાર કર્યા બાદ, પરિવાર તેમનો સ્વીકાર કરશે કે નહીં તેની ચિંતામાં ઝેરી ટીકડી ખાઈ લીધી હતી.પોલીસ ચોપડે જાહેર થયેલી વિગતો મુજબ, હિતેશભાઈ કાળાભાઈ સરવૈયા (ઉં.વ. ૩૮) એ પોતાની મહિલા મિત્ર સાથે મૈત્રી કરાર કર્યા હતા. આ કરાર કર્યા બાદ, 'પોતાના પરિવારજનો આ સંબંધ સ્વીકારશે કે નહીં અને જો નહીં સ્વીકારે તો શું થશે?' તેવા વિચારોથી ચિંતિત થઈને યુવકે પોતાના ઘર પાસે ઘઉંમાં નાખવાની ઝેરી ટીકડી ખાઈ લીધી હતી. યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બાબરા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલામાંથી ૧૨ લીટર દેશી દારૂ મળ્યો

સાવરકુંડલા, તા.૨૯

અમરેલી જીલ્લામાંથી પોલીસે બે સ્થળેથી દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. સાવરકુડલા, ગેસના ગોડાઉનની સામેથી કલ્પેશભાઈ વાલજીભાઈ પંચાસરા ૧૨ લીટર દેશી દારૂ સાથે ઝડપાયો હતો. દેવકા ગામેથી એક યુવક પાસેથી ૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી સાત ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાંથી કેફી પીણું પીને ફરતા ૧૩ ઝડપાયા

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી કેફી પીણું પીને ફરતા ૧૩ લોકો ઝડપાયા હતા.

જ્યારે દામનગરમાંથી ૧૬ લીટર, અકાળા ગામેથી ૫ લીટર, વડેરા ગામેથી ૫ લીટર તથા જાફરાબાદ જુના પુલ પાસેથી ૧ લીટર મળી કુલ ૨૭ લીટર દેશી દારૂ ઝડપાયો હતો.

# ચલાલા ખાતે ગાયત્રી એજ્યુકેશન ગ્રુપમાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

ચલાલા,તા.૨૯

ચલાલા સ્થિત યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી એજ્યુકેશન ગ્રુપના 'હરિબા કેમ્પસ' ખાતે રાજ્ય સરકારના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ ભવ્ય કાર્યક્રમમાં ડૉ. રતિદાદા,



મહાવીરબાપુ, ઉદયબાપુ, મહેશભાઈ મહેતા અને નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. રતિદાદાએ વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા, જ્યારે મહેશભાઈ મહેતાએ શિક્ષણને સંસ્કાર અને રાષ્ટ્રનિર્માણનો પાયો ગણાવી પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અંતમાં કેમ્પસ ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શીતલબેન મહેતા અને ગાયત્રી એજ્યુકેશનના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## તંત્રી લેખ

# સાકાર થયેલી આસ્થા પણ મર્યાદાનો ભંગ

ભગવાન શ્રીરામ પ્રત્યે કરોડો લોકોના હૃદયમાં જે ભક્તિ ભાવ છે તે ભક્તિભાવને ઠેસ લાગે તેવી વાત બહાર આવી છે. લાખો ભક્તોએ દાનની સરવાણી ભગવાન માટે વહેવડાવી પરંતુ અમુક સ્વાર્થી તત્વોએ આમાં મોટા ગોટાળા કરતા લોકોની શ્રધ્ધાને આંચકો લાગ્યો છે આના કારણે સરકાર હકતમાં આવી ગઈ છે અને તાત્કાલિક તપાસ શરૂ કરી દીધી છે.

અયોધ્યામાં ભગવાન શ્રી રામનું મંદિર હવે સાકાર થઈ ગયું છે, આ કોઈ સ્વપ્ન નથી રહ્યું પરંતુ કરોડો ભક્તોની આસ્થાનું મૂર્ત સ્વરૂપ છે. લોકોના હૃદયમાં મર્યાદા પુરુષોત્તમ રામ પ્રત્યે જે અપાર શ્રધ્ધા છે, તે જ આ ભવ્ય મંદિરના સ્વરૂપમાં પ્રગટ થઈ છે. આ શ્રધ્ધા જ ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે, જે યુગો-યુગોથી પેઢી દર પેઢી વહેતી આવી છે. રામ ફક્ત એક દેવતા નથી, પરંતુ મર્યાદા, સત્ય અને ધર્મના પ્રતિક છે, અને લાખો ભક્તો તેમના આદર્શોને જીવનમાં ઉતારવા માટે પ્રેરિત થાય છે. આ મંદિર આ શ્રધ્ધાનું એવું કેન્દ્ર બન્યું છે, જ્યાં દરેક વ્યક્તિ પોતાની વ્યથા, આનંદ અને ભાવનાઓને ભગવાનના ચરણોમાં અર્પિત કરી શકે છે, જેનાથી આખો સમાજ આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર બને છે.

શ્રધ્ધાનું રક્ષણ કરતી ઉત્તર પ્રદેશ સરકાર ઉપર પક્ષોએ સવાલ ઉઠાવ્યા છે. ભાજપ પર સવાલ ઉઠાવ્યા છે નેતાઓ ઉપર સવાલ ઉઠાવ્યા છે પરંતુ જ્યાં સુધી સાચી હકીકત બહાર ન આવે ત્યાં સુધી આવી કોઈ આક્ષેપાજી કરવી વ્યર્થ છે.

આજે જ્યારે સમગ્ર દેશમાં આ મંદિર પ્રત્યે અપાર શ્રધ્ધા છે અને દેશ-વિદેશથી ભક્તો દાન ચઢાવી રહ્યા છે, ત્યારે ભક્તોની આ શ્રધ્ધા કોઈ ગેરરીતિનો શિકાર ન બને તે માટે ઉત્તર પ્રદેશ સરકારે ખૂબ જ સજાગતાપૂર્વક કાર્યવાહી કરી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતી પર સરકારે ત્રણ સભ્યોની વિશેષ તપાસ દળની રચના કરી છે, જેના અધ્યક્ષ લખનૌના કમિશ્નર **IAS** વિજય વિશ્વાસ પંત છે, જ્યારે **IPS** કિરણ એસ. અને નાણાં વિભાગના વિશેષ સચિવ નીલ રતન તેના સભ્યો છે. આ **SIT**ને ૭ દિવસમાં પ્રારંભિક અહેવાલ અને ૧૫ દિવસમાં અંતિમ તપાસ રિપોર્ટ સરકારને સોંપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેથી કોઈ પણ પ્રકારની ગેરવ્યવસ્થા પર તાત્કાલિક અંકુશ મૂકી શકાય. સાથે સાથે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે દાનપાત્રની ગણતરી સાથે જોડાયેલા એક કર્મચારીની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે, અને **CCTV** ફૂટેજ, રોકડ રકમની રિકવરી અને ટેકનિકલ પુરાવાઓને આધારે તપાસને આગળ વધારવામાં આવી છે. આ પગલાં દર્શાવે છે કે સરકાર મર્યાદા પુરુષોત્તમ રામમાં લોકોની અપાર શ્રધ્ધાને કેટલી ગંભીરતાથી લે છે, અને તે શ્રધ્ધાના નામે કોઈપણ પ્રકારની ગેરરીતિને સહન કરવા તૈયાર નથી.

સરકારે ઉચ્ચસ્તરીય **IAS** અને **IPS** અધિકારીઓને આ તપાસ સોંપી છે, જેનાથી ભક્તોના મનમાં કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન નથી રહેતું, અને આ પ્રક્રિયા માત્ર અયોધ્યા મંદિર માટે જ નહીં પરંતુ સમગ્ર દેશની ધાર્મિક સંસ્થાઓ માટે એક આદર્શ ઉદાહરણ ઊભું કરે છે. આ સકારાત્મક કાર્યવાહી લોકોના હૃદયમાં વધુ વિશ્વાસ ઉત્પન્ન કરે છે અને સાબિત કરે છે કે જ્યાં શ્રધ્ધા હોય ત્યાં પારદર્શિતા પણ હોય છે, અને રામરાજ્યની સ્થાપનાનો આ જ પાયો છે, જે ભારતીય આસ્થાની ગૌરવશાળી ગાથાને સદા અકબંધ અને સમૃધ્ધ બનાવી રાખશે.

# પ્રેમ, પ્રપંચ અને લોહગઢનું રહસ્યમય મૃત્યુ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

પ્રેમ જીવનને પ્રકાશિત કરવાની શક્તિ ધરાવે છે, પરંતુ જ્યારે તેમાં સ્વાર્થ, નફરત અને બેવફાઈ ભળે ત્યારે એ જ લાગણી વિનાશનું કારણ બની જાય છે. વિશ્વાસના બંધન પર ઊભેલો સંબંધ જો કપટથી ઘેરાઈ જાય તો તેનું અંત દુઃખદ હોય છે. પુણેના યુવાન કેતન અગ્રવાલ માટે પણ પ્રેમ અને વિશ્વાસ જીવનનું સૌથી સુંદર સ્વપ્ન હતું, જ્યારે સિયા ગોયલ માટે તે સંબંધ એક મજબૂરી બની ગયો હતો. આ મજબૂરીમાંથી બહાર નીકળવા માટે પસંદ કરાયેલો રસ્તો આખરે એક નિર્દોષ યુવાનના મૃત્યુ સુધી પહોંચ્યો. મહારાષ્ટ્રના લોહગઢ કિલ્લા પર બનેલી આ ઘટના માત્ર એક હત્યા નથી, પરંતુ પ્રેમ, બેવફાઈ અને પૂર્વયોજિત ષડયંત્રની એવી કથા છે, જેણે સમગ્ર દેશને ચોંકાવી દીધો છે.

સુખી ભવિષ્યના સ્વપ્ન પાછળ છુપાયેલું અંધારું: પુણેમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે આગળ વધી રહેલા ૨૬ વર્ષીય કેતન અગ્રવાલના લગ્ન ૨૦ વર્ષીય સિયા ગોયલ સાથે નક્કી થયા હતા. બંને પરિવારો વેપારી વર્ગના હોવાથી લગ્નની તૈયારીઓ ઉત્સાહભેર ચાલી રહી હતી. પ્રી-વેડિંગ ફોટોશૂટ માટે વિદેશ પ્રવાસનું આયોજન પણ થઈ ચૂક્યું હતું. બહારથી જોનારને આ સંબંધ આદર્શ લાગતો હતો, પરંતુ અંદરખાને એક અલગ જ કહાની લખાઈ રહી હતી.

સિયા આ ગોઠવાયેલા લગ્નથી ખુશ નહોતી. તે પોતાના પરિચિત ચેતન ચૌધરી સાથે પ્રેમસંબંધમાં હતી. પરિવારની ઈચ્છા સામે ખુલ્લો વિરોધ કરવાની હિંમત ન હોવાથી તેણે અલગ રસ્તો પસંદ કર્યો. પોલીસ તપાસ મુજબ બંનેએ મળીને કેતનને જીવનમાંથી હંમેશ માટે દૂર કરવાની યોજના ઘડી હતી.

યોજનાનો પ્રથમ પડાવ: લગ્ન પહેલાં બાલી પ્રવાસ નક્કી થયો હતો. તપાસ દરમિયાન સામે આવેલી વિગતો મુજબ પ્રવાસ નિષ્ફળ જાય તે માટે કેતનનો પાસપોર્ટ ગુમ કરવાની ચાલ ચલાવવામાં આવી. પરિણામે વિદેશ પ્રવાસ રદ થયો અને સમગ્ર આયોજન બદલાઈ ગયું. પાછળથી પોલીસે આ ઘટનાને પણ સમગ્ર ષડયંત્રનો એક મહત્વનો ભાગ ગણાવ્યો. તપાસમાં બહાર આવ્યું કે છેલ્લા ઘણા મહિનાઓ દરમિયાન સિયા અને ચેતન વચ્ચે સતત ફોન પર સંપર્ક ચાલતો રહ્યો હતો. બંને વચ્ચે થયેલી લાંબી વાતચીતોએ પોલીસને તેમના સંબંધ અને યોજનાની દિશામાં મહત્વના પુરાવા આપ્યા.

લોહગઢ કિલ્લા પર રચાયો જીવલેણ ખેલ: બાલી પ્રવાસ રદ થયા પછી લોહગઢ કિલ્લાની મુલાકાતનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો. ઘટના બન્યાના દિવસે ચેતન અલગથી કિલ્લા વિસ્તારમાં પહોંચી ગયો હતો. તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ તેણે પોતાના ડિજિટલ લોકેશનને છુપાવવા માટે ફોનનો ઉપયોગ મર્યાદિત રાખ્યો હતો અને ઓળખ છુપાવવા માટે ખાસ સાવચેતી પણ રાખી હતી. બપોર દરમિયાન સિયા કેતનને કિલ્લાના એક નિર્જન ભાગ તરફ લઈ ગઈ. ત્યારબાદ ત્યાં બનેલી ઘટનાએ સમગ્ર કેસની દિશા બદલી નાખી.



શરૂઆતમાં એવું માનવામાં આવ્યું કે કેતનનો પગ લપસતાં તે ઊંડી ખીણમાં પડી ગયો હતો, પરંતુ પાછળથી તપાસમાં આ ઘટના અકસ્માત નહીં પરંતુ પૂર્વયોજિત હત્યા હોવાનું સામે આવ્યું.

અકસ્માતની કહાનીમાં દેખાયેલી શંકાની રેખા: ઘટના બાદ સિયાએ મદદ માટે બૂમાબૂમ કરી અને સમગ્ર બનાવને અકસ્માત તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો. શરૂઆતમાં પોલીસે પણ આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો હતો. જોકે કેતનના પરિવારજનો દ્વારા આપવામાં આવેલી માહિતી અને બંને વચ્ચે છેલ્લા દિવસોમાં ચાલતા મતભેદોની વિગતોને કારણે તપાસની દિશા બદલાઈ ગઈ. પુણે ગ્રામ્ય પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી, મોબાઈલ ફોનની માહિતી, કોલ ડિટેલ્સ અને અન્ય ટેકનિકલ પુરાવાઓ એકત્રિત કર્યા. આ તપાસ દરમિયાન અનેક એવી કડીઓ મળી જે અકસ્માતની થિયરીને નકારી રહી હતી.

ટેકનિકલ તપાસે ખોલ્યાં રહસ્યના દરવાજા: મોબાઈલ લોકેશન, ફોન રેકોર્ડ અને ડિજિટલ માહિતીના આધારે તપાસ આગળ વધતા ચેતનની હાજરી પણ ઘટનાસ્થળની આસપાસ હોવાનું સામે આવ્યું. પૂછપરછ દરમિયાન બંનેના નિવેદનોમાં વિસંગતતા દેખાઈ અને અંતે પોલીસે સમગ્ર ઘટનાક્રમને પુનઃરચના કરીને પુરાવા એકત્રિત કર્યા. તપાસ દરમિયાન ઘટનાસ્થળ પર ડમીનો ઉપયોગ કરીને સમગ્ર ઘટનાની પુનઃરચના કરવામાં આવી જેથી કોર્ટ સમક્ષ વૈજ્ઞાનિક આધાર સાથે પુરાવા રજૂ કરી શકાય. પોલીસના જણાવ્યા મુજબ ઉપલબ્ધ ટેકનિકલ માહિતી અને અન્ય પુરાવાઓએ કેસને વધુ મજબૂત બનાવ્યો.

વિશ્વાસના તૂટેલા સંબંધો: જે પરિવારે સિયાને પોતાની ભાવિ પુત્રવધૂ તરીકે સ્વીકારી હતી, તે જ પરિવારને પોતાના પુત્રના મૃત્યુનો આઘાત સહન કરવો પડ્યો. કેતનના માતા-પિતાએ આ ઘટનાને માત્ર હત્યા નહીં પરંતુ વિશ્વાસઘાતનું સૌથી ક્રૂર સ્વરૂપ ગણાવ્યું. એક સુખી દામ્પત્યજીવનના સ્વપ્નો પળવારમાં વિખેરાઈ ગયા. આ કેસે સમાજ સામે પણ એક ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે. જો કોઈ સંબંધ સ્વીકાર્ય ન હોય તો તેનો અંત સંવાદ અને સમજદારીથી લાવી શકાય છે. પરંતુ જ્યારે લાગણીઓ પર સ્વાર્થ અને અંધ પ્રેમ હાવી થઈ જાય છે ત્યારે માનવતા પાછળ રહી જાય છે અને પરિણામે નિર્દોષ જીવ ગુમાવવાનો વારો આવે છે.

પ્રેમ નહીં, પ્રપંચનો કરુણ અંતઃ લોહગઢની આ ઘટના માત્ર એક ક્રાઈમ સ્ટોરી નથી. તે વિશ્વાસ, પ્રેમ, બેવફાઈ અને માનસિક વિકૃતિ વચ્ચેની પાતળી રેખાનું જીવંત ઉદાહરણ છે. કાયદો હવે સમગ્ર ઘટનાના દરેક પાસાની તપાસ કરીને ન્યાયની પ્રક્રિયા આગળ ધપાવી રહ્યો છે. પરંતુ આ ઘટના સમાજ માટે પણ ચેતવણી સમાન છે કે સંબંધોમાં સત્ય, સ્પષ્ટતા અને પરસ્પર સન્માન જ સૌથી મોટું રક્ષણ છે. પ્રેમ ક્યારેય હત્યાનો માર્ગ બતાવતો નથી; જ્યાં પ્રેમના નામે કાવતરું રચાય છે ત્યાં લાગણી નહીં, માત્ર અંધકાર અને વિનાશ જ જન્મે છે.

**પ્રેમ વિશ્વાસના આવરણ પાછળ છુપાયેલું એક ભયાનક કાવતરું જેને દેશભરમાં ભારે ચકચાર મચાવી છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૧૦ | ૧૮૭૦ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૮ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૧૧૩૬ |
| જુવાર લાલ | ૧૦૬૧ | ૧૧૫૬ |
| જુવાર પીળી | ૪૬૦ | ૫૫૦ |
| બાજરી | ૨૫૦ | ૪૫૦ |
| તુવેર | ૧૧૧૦ | ૧૫૦૯ |
| ચણા પીળા | ૧૦૯૦ | ૧૧૭૦ |
| ચણા સફેદ | ૧૧૨૦ | ૧૭૧૫ |
| અડદ | ૧૪૦૫ | ૧૮૦૯ |
| મગ | ૧૧૭૫ | ૧૭૧૬ |
| વાલ દેશી | ૫૯૦ | ૧૦૮૦ |
| ચોળી | ૧૦૭૫ | ૧૭૭૦ |
| વટાણા | ૭૦૦ | ૧૧૦૪ |
| કળથી | ૩૭૫ | ૫૨૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૯૦ |
| સીંગદાણા | ૧૩૭૦ | ૧૮૫૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૩૪ |
| મગફળી જીણી | ૧૧૪૦ | ૧૫૩૦ |
| તલી | ૧૬૯૦ | ૨૪૪૦ |
| એરંડા | ૧૨૫૮ | ૧૩૮૯ |
| અજમો | ૧૮૪૦ | ૩૧૩૦ |
| સુવા | ૧૦૮૦ | ૧૫૫૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૭૫ |
| સીંગફાડા | ૧૪૧૫ | ૧૬૬૩ |
| કાળા તલ | ૨૨૩૦ | ૩૬૬૧ |
| લસણ | ૧૦૮૧ | ૨૪૭૦ |
| ધાણા | ૨૩૪૦ | ૨૯૬૫ |
| ધાણી | ૨૪૦૦ | ૨૮૮૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૩૨૫૦ | ૪૦૩૩ |
| રાય | ૧૩૫૦ | ૧૯૨૦ |
| મેથી | ૮૫૦ | ૧૯૨૭ |
| ઇસબગુલ | ૧૯૪૦ | ૨૦૫૦ |
| કલોંજી | ૩૨૨૫ | ૩૪૮૮ |
| રાયડો | ૧૧૫૦ | ૧૪૨૬ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૯૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૮૨ | ૬૦૩ |
| લીંબુ | ૬૯૪ | ૧૪૦૧ |
| પપૈયા | ૧૪૩ | ૨૯૧ |
| બટેટા | ૮૩ | ૨૮૬ |
| ડુંગળી સુકી | ૧૯૦ | ૪૮૫ |
| ટમેટા | ૪૪૨ | ૬૫૩ |
| સુરણ | ૭૮૪ | ૯૯૪ |
| કોથમરી | ૭૪૬ | ૧૧૨૬ |
| રીંગણા | ૧૭૬ | ૩૮૬ |
| કોબીજ | ૨૦૬ | ૪૬૧ |
| ફ્લાવર | ૩૭૮ | ૭૦૪ |
| ભીંડો | ૪૨૬ | ૭૧૩ |
| ગુવાર | ૭૭૬ | ૧૩૪૭ |
| ચોળાસીંગ | ૮૬૪ | ૧૫૩૨ |
| ટીંડોળા | ૩૮૭ | ૮૪૩ |
| દુધી | ૩૦૩ | ૫૧૩ |
| કારેલા | ૪૨૬ | ૭૭૯ |
| સરગવો | ૫૦૨ | ૧૦૧૨ |
| તુરીયા | ૫૭૭ | ૭૪૪ |
| પરવર | ૪૨૪ | ૬૩૨ |
| કાકડી | ૩૮૯ | ૭૯૩ |
| ગાજર | ૪૦૭ | ૬૧૩ |
| વટાણા | ૧૯૨૪ | ૨૫૩૩ |
| ગલકા | ૨૯૮ | ૫૦૭ |
| બીટ | ૩૦૬ | ૫૧૧ |
| મેથી | ૮૮૬ | ૧૪૬૭ |
| ડુંગળી લીલી | ૧૨૦૬ | ૧૫૪૩ |
| આદુ | ૨૦૮૮ | ૨૪૭૬ |
| મરચા લીલા | ૮૦૩ | ૧૦૨૪ |
| મકાઇ લીલી | ૨૨૧ | ૪૩૩ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૪૧ | ૧૮૨૬ |
| ઘઉં લોકવન | ૪૬૮ | ૫૪૮ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૨૨ |
| મગફળી જીણી | ૧૧૪૧ | ૧૬૪૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૧૧ |
| એરંડા / એરંડી | ૧૨૫૧ | ૧૩૯૧ |
| તલ લાલ | ૨૨૦૧ | ૨૩૬૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૯૧ |
| કલંજી | ૧૬૫૧ | ૩૪૯૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૯૫૧ |
| લસણ સુકુ | ૧૦૫૧ | ૨૪૪૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૫૧ |
| અડદ | ૫૦૦ | ૧૮૧૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૪૯૧ |
| રાજગરો | ૮૪૧ | ૮૪૧ |
| રાયડો | ૧૩૦૧ | ૧૩૩૧ |
| રાય | ૧૫૭૧ | ૧૬૧૧ |
| મેથી | ૧૦૨૬ | ૧૪૫૧ |
| કાંગ | ૨૩૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૭૧ |
| સફેદ ચણા | ૧૦૮૬ | ૧૭૫૧ |
| તલ - તલી | ૧૯૦૧ | ૨૫૯૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૯૦૧ |
| બાજરો | ૨૬૧ | ૩૯૧ |
| જુવાર | ૫૦૧ | ૧૧૧૧ |
| મકાઇ | ૩૭૧ | ૪૮૧ |
| મગ | ૧૦૦૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૭૬ |
| વાલ | ૩૧૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૪૯૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૭૧ |
| અજમાં | ૨૬૫૧ | ૨૬૫૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૫૦૦ | ૮૬૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૮૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૮૦ | ૬૦૦ |
| દુધી | ૮૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૧૮૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૬૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૩૨૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૨ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૫૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૨૮૦૦ | ૩૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૬ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૯૩૦ | ૧૬૦૦ |
| શિંગદાણા | ૧૪૦૦ | ૨૦૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૪૦ |
| તલ સફેદ | ૧૩૯૫ | ૨૬૨૫ |
| તલ કાળા | ૨૧૩૦ | ૩૯૫૦ |
| તલ કાશમીરી | ૨૩૫૦ | ૨૩૫૦ |
| બાજરો | ૩૧૫ | ૩૩૫ |
| જુવાર | ૫૧૫ | ૧૧૧૫ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૮૫ |
| મગ | ૧૪૦૫ | ૧૬૮૦ |
| અડદ | ૮૮૦ | ૧૩૭૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૬૦ |
| ચણા દેશી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૬૦ |
| ચોળી | ૬૪૦ | ૬૪૦ |
| તુવેર | ૭૫૦ | ૧૩૫૦ |
| કપાસ | ૭૩૫ | ૧૯૨૫ |
| એરંડા | ૧૦૭૦ | ૧૩૬૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૮૦૦ |
| રાય | ૧૧૦ | ૧૫૨૫ |
| ધાણી | ૧૯૦૦ | ૨૯૮૫ |
| અજમા | ૨૨૭૫ | ૨૭૬૦ |
| મેથી | ૯૦૦ | ૧૩૬૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૪૫૦ |
| રજકાનું બી | ૮૮૦૦ | ૯૧૨૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૧૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૭૫૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૫૦ | ૩૧૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૬૦૦ | ૭૯૦ |
| ગુવાર | ૧૨૨૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૩૦૦૦ | ૩૧૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૪૨૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૫૨૦ | ૬૩૦ |
| બીટ | ૪૩૦ | ૫૨૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૪૧૦ | ૫૬૦ |
| લસણ સુકુ | ૧૨૫૦ | ૨૨૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૩૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૪૧૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૨૬ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૯ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૨૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૮૩૦ |
| જીરૂ | ---- | ૩૮૮૦ |
| કપાસ | ૧૮૦૦ | ૧૮૯૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૪ |
| બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| જુવાર | ૬૫૦ | ૧૧૦૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૨૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૮૩૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૬૦ |
| એરંડી | ૧૨૫૦ | ૧૩૪૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૭૦૧ |
| રજકાબીજ | ---- | ૬૫૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૨૫ | ૧૬૮૦ |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૪૬૮ | ૪૭૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૯૫ |
| ધાણા | ૨૫૭૦ | ૨૫૭૦ |
| મગ | ૧૨૫૦ | ૧૫૯૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| શીંગદાણા | ૧૪૦૧ | ૧૬૩૦ |
| જુવાર | ૫૦૦ | ૯૫૧ |
| એરંડા | ૧૨૪૫ | ૧૨૪૫ |
| સોયાબીન | ૧૧૬૧ | ૧૧૬૧ |

### બગસરા

| | | |
|---|---|---|
| મગફળી | ૯૬૦ | ૧૧૧૫ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૭૯ |
| મેથી | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ઘઉં ટુકડા | ૪૬૯ | ૪૭૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૨ |
| બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| ધાણા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ચણા સફેદ | ૧૦૨૫ | ૧૦૮૫ |
| શીંગદાણા | ૧૭૮૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૪૫૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| લશણ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ સુપર | ૧૬૧૦ | ૧૮૧૧ |
| કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૩૩૦ |
| તલ કાળા | ૩૦૨૦ | ૩૪૨૦ |
| જીરૂ | ૩૨૧૦ | ૩૮૫૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૫૦ |
| ઘઉં | ૪૫૫ | ૫૦૫ |
| મગ | ૧૩૨૦ | ૧૫૦૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| મકાઈ | ૫૦૬ | ૫૦૬ |
| મગ | ૧૦૦૧ | ૧૬૭૧ |
| ચણા | ૮૫૧ | ૧૧૧૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૭૬ |
| તુવેર | ૭૫૧ | ૧૪૧૧ |
| મગફળી | ૮૦૧ | ૧૨૫૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૩૧ |
| શિંગફાડા | ૧૨૦૧ | ૧૬૨૧ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૪૬૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૪૬ |
| રાય | ૧૩૨૧ | ૧૩૨૧ |
| મેથી | ૯૦૧ | ૧૨૩૬ |
| જીરૂ | ૩૯૮૧ | ૩૯૮૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૫૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૧૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૨૯૨ | ૧૨૯૨ |
| શીંગ જી-૨૦ | ૧૧૬૦ | ૧૨૭૫ |
| એરંડા | ૧૨૮૧ | ૧૩૨૯ |
| જુવાર | ૪૫૦ | ૧૨૦૦ |
| બાજરી | ૪૦૯ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૭ |
| અડદ | ૫૦૦ | ૧૭૪૪ |
| મગ | ૧૧૯૫ | ૧૭૭૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૭૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૪૪ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૬૨૫ |
| તુવેર | ૧૩૮૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૩૩૩૩ | ૩૩૩૩ |
| ડુંગળી લાલ | ૧૪૮ | ૬૬૫ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૪૨૬ |
| કપાસ શંકર | ૮૧૦ | ૧૬૫૦ |
| નાળીયેર | ૬૦૦ | ૨૮૬૫ |
| શીંગઉનાળુમગડી | ૧૧૬૦ | ૧૫૭૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૫૫૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૧૧ | ૫૫૦ |
| રાય | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| જુવાર | ૯૦૦ | ૧૧૦૧ |
| અડદ | ૧૭૫૦ | ૧૮૨૬ |
| ચણા | ૯૫૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૪૦૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૬૨૨ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૫૬૨ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૮૪૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ચોળી | ૯૦૦ | ૧૮૪૨ |


### જામનગર

| | | |
|---|---|---|
| બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૧૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| અડદ | ૧૧૭૦ | ૧૭૫૦ |
| તુવેર | ૯૯૫ | ૧૨૫૫ |
| ચણા | ૫૦૦ | ૧૧૫૫ |
| ચણા સફેદ | ૬૮૦ | ૧૫૫૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૫ |
| તલ | ૧૫૦૦ | ૨૫૨૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૬૬ |
| લસણ | ૮૦૦ | ૨૨૦૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૪૫ |
| અજમો | ૨૪૪૦ | ૩૬૬૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૪૩૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૯૦૫ |
| ડુંગળી સુકી | ૮૦ | ૪૨૦ |
| વટાણા | ૫૦૦ | ૮૮૫ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૪૧૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૭૦ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૬૦૪ |
| કપાસ | ૧૧૫૦ | ૧૬૦૬ |
| બાજરો | ૪૩૧ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૪૯૧ |
| જુવાર | ૫૯૦ | ૧૧૮૧ |
| મગ | ૧૬૨૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૬૫૧ | ૧૭૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૯૦ | ૧૧૨૫ |
| એરંડી | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ચોળી | ૧૪૧૬ | ૧૪૧૬ |
| સોયાબીન | ૧૩૪૯ | ૧૩૪૯ |
| શીંગદાણા | ૧૬૫૦ | ૧૮૩૧ |

## શબ્દ સંજોગ-૨૨૨૩



**આડી ચાવી :**

(૧) હણનારો,ઘાતક (૩)
(૩) નાગોનો રાજા (૩)
(૬) તબલાના ચામડા ઉપરનું કાળુ વર્તુળ (૩)
(૭) કુટુંબની મુખ્ય સ્ત્રી (૩)
(૯) જબરૂં મોટુ (૩)
(૧૧) વિચાર,અભિપ્રાય (૪)
(૧૨) સુંગંધ,ફોરમ (૩)
(૧૩) સરખેસરખું (૪)
(૧૪) પાલખી ઉંચકનાર (૩)
(૧૭) રેતાળ પ્રદેશ (૨)
(૧૯) મોટું (૩)
(૨૧) વાવવાની ઓરણી (૪)
(૨૩) મોબાઈલની રક્ષા કરતો ગ્લાસ (૩)
(૨૫) ન્યાત,નાત (૨)
(૨૬) અપરાધ,દોષ (૨)
(૨૭) અનિલ કપૂરની એક ફિલ્મ (૩)
(૨૮) જાણવું તે (૨)

**ઉભી ચાવી :**

(૧) ઝાંખુ,ફિકકુ (૩)
(૨) વેપારી (૩)
(૩) સ્ત્રીઓનું એક ઘરેણું (૨)
(૪) એક જાપાની બનાવટનો ઝભ્ભો (૩)
(૫) ગણી શકાય એવું (૪)
(૮) નસીબ,સદ્ભાગ્ય (૨)
(૧૦) સોનીની દુકાનનો કચરો (૪)
(૧૧) મોઘમ,અસ્પષ્ટ (૩)
(૧૨) સૂર્ય સંબંધી (૨)
(૧૩) એક વનસ્પતિ (૪)
(૧૫) સોનુ (૨)
(૧૬) કળી,અંકુર (૨)
(૧૮) સ્વયં પ્રેરણાથી થતું જ્ઞાન (૩)
(૨૦) તીરનો ભાથો (૪)
(૨૧) ઉપનયન સંસ્કાર (૩)
(૨૨) નાતિ જાણનાર (૩)
(૨૪) આમિરખાન,કાજોલની એક ફિલ્મ (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૨ જવાબ

**આડી ચાવીઃ** (૧) પોટાશ (૩) નચિંત (૬) ટપકો (૭) રફાઈ (૮) કીચક (૧૦) રસમ (૧૧) ઘડો (૧૨) અકીક (૧૪) કે (૧૬) રતન (૧૯) નાદાર (૨૧) સમથળ (૨૩) રણ (૨૪) લતીફ (૨૬) ગણના (૨૮) નાણું (૨૯) સટા (૩૦) પ્રથમ. **ઉભી ચાવીઃ** (૧) પોથકી (૨) શટક (શકટ) (૩) નકોરડો (૪) તરમરી (૫) ભાઈચારો (૯) ચમકી (૧૨) અવહેલના (૧૩) કરસફ (૧૫) કેદારનાથ (૧૭) તમ (૧૮) નથ (૨૦) રણ (૨૨) ળગ (ગળ) (૨૫) તીણું (૨૭) ણપ્ર (પ્રણ).

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ તરીકે સુરેશ દેસાઈની વરણી

**રાજકોટ ખાતે નરેશભાઈ પટેલના હસ્તે નિમણૂંક**

અમરેલી,તા.૨૯





રાજકોટ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના નવા અધ્યક્ષ તરીકે સુરેશભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલે તેમના નામની સત્તાવાર જાહેરાત કરતાં ઉપસ્થિત ટ્રસ્ટના સદસ્યો અને આગેવાનોએ હર્ષ વ્યક્ત કર્યો હતો. સુરેશભાઈ દેસાઈને આ મહત્વપૂર્ણ જવાબદારી મળતા સમાજના વિવિધ વર્ગોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે ઝોન અધ્યક્ષ બાવકુંભાઈ ઉંધાડ, ગુજરાત ખોડલધામ સંગઠ્ઠનના મંત્રી ગોપાલભાઈ રૂપાપરા, ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, બકુલભાઈ સોરઠીયા, અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના કન્વીનર રમેશભાઈ કાથરોટીયા, ટ્રસ્ટી દેવચંદભાઈ કપોપરા અને મનિષભાઈ માંગરોળીયા, સરલાબેન ગજેરા, કાળુભાઈ સુહાગીયા, અશોકભાઈ ભાદાણી, દયાળભાઈ સંઘાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ નવા અધ્યક્ષને અભિનંદન પાઠવી તેમની સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમિયાન વર્ષો સુધી અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ તરીકે સેવા આપનાર પૂર્વ અધ્યક્ષ મનુભાઈ દેસાઈએ પણ સુરેશભાઈ દેસાઈને આશીર્વચન પાઠવ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવા અધ્યક્ષ સમાજમાં સમાધાન, એકતા અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે કાર્ય કરશે.

## બગસરા નગરપાલિકા દ્વારા ઘન કચરા વ્યવસ્થાપન અંગે વિશેષ તાલીમ યોજાઈ

બગસરા,તા.૨૯

બગસરા નગરપાલિકા દ્વારા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ના અસરકારક અમલ માટે એક દિવસીય વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં નગરપાલિકાના પદાધિકારીઓ, સભ્યો, ચીફ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટરો, સુપરવાઈઝરો, સફાઈ કામદારો તેમજ શહેરીજનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમ દરમિયાન કચરાના વૈજ્ઞાનિક નિકાલ, કચરાના યોગ્ય વર્ગીકરણ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની જવાબદારીઓ તેમજ મોટા કચરો ઉત્પાદકોની ફરજો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને જનપ્રતિનિધિઓની ભૂમિકા અને સફાઈ કર્મચારીઓની કામગીરી અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. સમગ્ર કાર્યક્રમનું જીઓ-ટેગ ફોટા, વીડિયો અને હાજરી સાથે સ્વચ્છતા સમીક્ષા કેન્દ્ર (એસએસકે) પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવામાં આવ્યું હતું.

## અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં સત્ય નામ ધર્મદાસ યુવક સત્સંગ મંડળ દર પૂનમે સત્સંગનું આયોજન

અમરેલી,તા.૨૯



સદગુરૂ કબીર ધર્મનગર દામાખેડા ધામ રાયપુર રાજય છતીસગઢ સમસ્ત ભારત દેશના કબીર પંથીઓનું મુખ્ય ધર્મ સ્થાન માનવમાં આવે છે. પંથ આચાર્ય હજુર પ્રકાશમુનિ નામ સાહેબ તેમજ પંજથ હજુર ઉદિત મુનિ નામ સાહેબજીની દયા કરૂણા અને પ્રેરણાથી કેડીવી મીશીન સમસ્ત ભારતમાં ચાલી રહ્યુ છે. એસ. કેડી.વી. મિશનનો અર્થ એ છે સદગરુ કબીર સાહેબ ધર્મદાસ વંસાવલી સદગુરુ કબીર સાહેબના ક્રાંતિકારી વિચારોનું પ્રસાર પ્રસાર સમસ્ત ભારતમાં થઈ રહ્યો છે. તેના માધ્યમથી અમે પણ આ એસ કે ડીવી મિશનમાં જોડાયા છીએ અમો અમરેલી ગ્રામ્ય વિસ્તારમાં આ સત્ય ધર્મ અર્થે કાર્ય કરી રહ્યા છીએ. સત્ય નામ આમીન માતા મહિલા મંડળ દ્વારા (દર ગુરૂવાર) સત્સંગ રાખવામાં આવે છે. સત્ય નામ ધર્મદાસ યુવક સત્સંગ મંડળ (દર પૂનમ) રાત્રે સત્સંગ રાખવમાં આવે છે માટે અમે સત્સંગ મંડળના ભાઈઓ બહેનો સાથે મળીને વર્ષ દરમિયાન આવા અનેક કાર્યક્રમ અને પર્વ તહેવારો ઉજવાતો આવ્યા છે.

## કોડીનારના પીપળી ગામે શિક્ષણ મંત્રીના હસ્તે એસ.ટી. પિકઅપસ્ટેન્ડનું લોકાર્પણ


કોડીનાર,તા.૨૯



કોડીનાર તાલુકાના પીપળી ગામે ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી પ્રદ્યુમન વાજાની ગ્રાન્ટમાંથી તૈયાર થયેલ એસ.ટી. પિક અપ સ્ટેન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રી પ્રદ્યુમનભાઈ વાજાના હસ્તે આ સ્ટેન્ડ ખુલ્લું મુકાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શારદાબેન બાંભણિયા, સ્થાનિક પદાધિકારીઓ, ખરીદ વેચાણ સંઘના પ્રમુખ, પીપળી ગામના સરપંચ હરિભાઈ ગોહિલ તેમજ તાલુકા ભાજપના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉનાના ગરાળ રોડ પર ખરાબ રસ્તાને કારણે અકસ્માત, બાઈકચાલક ગંભીર

ઉના,તા.૨૯



ઉનાના ગરાળ રોડ પર ખરાબ રસ્તા અને રોડની બાજુમાં આવેલા ઊંડા ખાડાને કારણે વધુ એક અકસ્માત સર્જાયો હતો. મોઠા ગામ તરફ જઈ રહેલા બે યુવાનોમાંથી બાઈક ચલાવનાર યુવાને સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા બાઈક સીધી રોડની સાઈડના ખાડામાં ઉતરી ગઈ હતી. અકસ્માતમાં એક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉના-ભાવનગર હાઈવેથી ગરાળ તરફ જતા માર્ગ પર ગરાળ ગામ નજીક લાંબા સમયથી ઊંડા ખાડા હોવાથી અકસ્માતનો ભય સતત રહે છે. આ માર્ગ ગરાળ, સંજવાપુર, મોઠા અને સિમર સહિતના અનેક ગામોને જોડતો હોવાથી વાહનોની ભારે અવરજવર રહે છે.

## અમરેલીમાં નાની નોટો અને સિક્કા ફાળવવા તેમજ કરન્સી ચેસ્ટ શરૂ કરવા ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

અમરેલી,તા.૨૯



**પરચુરણ ન મળતા બેંક કર્મચારીઓ પર ભેદભાવનો આક્ષેપ કરાયો**

અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈ અકબરીએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (અમદાવાદ) ને ચોથીવાર પત્ર લખીને અમરેલીના વેપારીઓ માટે ૧૦ અને ૨૦ રૂપિયાની નોટો તથા ૫ અને ૧૦ રૂપિયાના સિક્કા ફાળવવાની માંગ કરી છે. પત્રમાં એસ.બી.આઈ. અમરેલી શાખા દ્વારા કરન્સી ચેસ્ટ શરૂ કરવા અને પરચુરણ ફાળવવાની રજૂઆત કરાઈ છે. નાના વેપારીઓને નાની નોટોની અછત અને બજારમાં ફરતી રદ્દી નોટોને કારણે મુશ્કેલી પડી રહી છે. મોટા શહેરોની જેમ અમરેલીમાં છે. દિવાળી પર આવેલી નવી નોટો પણ સામાન્ય લોકોને ન મળ્યાની ફરિયાદ છે. જો આ સમસ્યાનો યોગ્ય ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી અપાઈ છે. આ અંગેની રજૂઆત કલેક્ટર અને મંત્રી કૌશિકભાઈ વેકરિયાને પણ મોકલાઈ છે.

## ઉનામાં નશાખોર યુવાને તબીબ સાથે ઝપાઝપી કરતા ખળભળાટ



ઉના,તા.૨૯

ઉનાની સરકારી હોસ્પિટલમાં રવિવારે રાત્રે નશાની હાલતમાં આવેલા એક યુવકે ફરજ પરના તબીબ સાથે ગેરવર્તણૂક અને હાથાપાઈ કરતાં હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફરજ પર રહેલા ડો. કિશનસિંહ પરમાર પાસે માથામાં સામાન્ય ઈજા સાથે પહોંચેલા રાજેન્દ્ર રસિકભાઈ સોલંકીએ સારવાર પહેલાં પોલીસ ફરિયાદ નોંધાવવાની માંગ કરી હતી. તબીબે પહેલા સારવાર અને ત્યારબાદ પોલીસને જાણ કરવાની પ્રક્રિયા સમજાવતા યુવક ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. ઘટનાની જાણ થતાં ઉના પોલીસ તાત્કાલિક હોસ્પિટલ પહોંચી હતી. પોલીસની હાજરીમાં પણ યુવકનો હોબાળો ચાલુ રહેતાં તેને કાબૂમાં લેવામાં આવ્યો હતો. આ મામલે ડો. કિશનસિંહ પરમારે રાજેન્દ્ર રસિકભાઈ સોલંકી અને તેની સાથે આવેલા વિપુલ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે. આરોપી દારૂના નશામાં હોવાથી દારૂ પીવા અંગે પણ અલગ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.


### જાહેર નોટીસ

આથી અમો નેસડી નં.ર સેવા સહકારી મંડળી લી. નેસડી નં.ર ના પ્રમુખ તથા ઉપપ્રમુખ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમો અરજદાર ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ ૧૯૬૧ અન્વયે નોંધાયેલ નેસડી નં.ર સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ તથા ઉપપ્રમુખ છીએ.

નિયામક સાહેબ ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા. ૧૫/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક **DAMF/0117/06/2026** થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ખાંભા તા. ખાંભા જી. અમરેલીની સામાન્ય ચૂટણી કાર્યક્રમ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

અમો અરજદાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ખાંભાના મંડળીના સભાસદ હોવાની રૂઈએ મતદાર છીએ અમો અરજદારને દહેશત છે કે આ કામના સામાવાળા આપ સાહેબ સમક્ષ મતદાર યાદી અથવા તે અન્ય કોઈ કારણસર આપની કોર્ટમા તદન ખોટો દાવો દાખલ કરી મતદારયાદીમાંથી અમારૂ નામ રદ કરવા કે ચુંટણી પ્રક્રિયામાં વિધ્ન લાવવા મનાઈ હુકમ કે તે સ્વરૂપની કોઈ દાદની માંગણી કરે તો તેવી દાદ આપતા પહેલા અમોને સાંભળવા નોટીસ કરવી તે મતલબે ભાવનગર ના મહેરબાન બોર્ડ ઓફ નોમીનીઝ સાહેબની કોર્ટ ખાતે અમોએ જાતે કેવીએટ અરજી નં. **CVA AMR 2026 00001** તા. ૨૯/૦૬/૨૦૨૬ના રોજ દાખલ કરેલ છે. અને જે સબંધે હાલની આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ. તેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ભાવનગર
તા. ૨૯/૦૬/૨૦૨૬

પ્રમુખ તથા ઉપપ્રમુખ
**નેસડી નં.ર સેવા સહકારી મંડળી લી.તા. ખાંભા**



### :: જાહેર નોટીસ ::

અમો રાકેશકુમાર સી. વઘાસીયા- એડવોકેટ બગસરા તે લગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે,

અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામના રેવન્યુ સર્વે નંબર ૨૮૦/ પૈકી ૧ની જુની શરતની નામે "નવાણ" વાળી ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૨૧-૪૧ વાળી તે દેવાણી ધીરૂભાઈ પાંચાભાઈ વગેરે ની સુવાંગ અને સયુંકત કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સયુંકત નામે ખાતા નં. ૨૧૫થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામના રેવન્યુ સર્વે નંબર ૨૮૦/ પૈકી ૨ની જુની શરતની નામે "નવાણ" વાળી ખેડવાણ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૩૮-૬૦ વાળી તે દેવાણી જીણાભાઈ પાંચાભાઈ વગેરે ની સુવાંગ અને સયુંકત કબજા-ભોગવટા અને માલિકીની આવેલી છે અને તેમના સયુંકત નામે ખાતા નં. ૫૭૨થી ગામ દફતરે ગામ નમુના નં.૮-અ મા નોંધાયેલ છે. તે ખેત જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેરજનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદર હું મિલ્કત-ખેત જમીનો સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટ્સ, માલિકી હોય કે આ આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કનું કરજ, લીયન, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામું કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હક્ક હોય તો તે સંબંધે તેમના લેખિત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭(સાત) મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યથા મુદત વીત્યેથી સદર હું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો **(WAIVE)** કરેલ છે તેમ માની લઈ ઉક્ત લખ્યા મિલકતોના માલિકોને ધોરણસરનો અવેજ ચૂકવી અમારા અસીલ સદર હું જમીનોનો ઉક્ત માલિકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એક્ઝીક્યુટ કરાવી લેશે અને વિધિવત રીતે જમીનોનો કબજો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલકતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

બગસરા, તા.૨૯/૦૬/૨૦૨૬ — અસીલોની સુચના અને ફરમાઈશથી

અમારા મારફત:
રાકેશકુમાર સી. વઘાસીયા
(એડવોકેટ) મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭
શ્રીજી ઝેરોક્ષ, મામલતદાર ઓફીસ સામે, બગસરા.



### :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ– પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમેના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે–લોંકા ગામે ખેડુત ખાતા નં-૩૩૬ ની ખેતીના માલીકશ્રી વાડદોરીયા મગનલાલ પ્રેમજીભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૨૪૬ (જુનો સ.નં-૫૮), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૨-૧૧–૪૮, આકાર–૪.૪૫ વાળી ખેતીની જુની શરતની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં લોંકા સે.સ.મં.લી. લોંકા રૂા. ૧૩,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ) માં અમે રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણને વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૯/૬/૨૦૨૬

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**



### :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ– પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમેના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે–અંટાળીયા ગામે ખેડુત ખાતા નં-૬૩૨ ની ખેતીના માલીકો (૧) દિલેશભાઈ પરશોતમભાઈ વઘાસીયા (૨) ચંદુભાઈ ઉકાભાઈ વઘાસીયા (૩) પ્રવિણભાઈ ઉકાભાઈ વઘાસીયા ના સંયુક્ત નામે સ.નં–૨૩ (જુનો સ.નં-૧૧ પૈકી ૫/પૈકી ૨), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૯૪-૫૭, આકાર-૧૦.૩૦ વાળી ખેતીની જમીન આવેલ છે. તેમજ રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગિરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.


મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૯/૬/૨૦૨૬

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

# રાજસ્થાનના આમેરમાં હોટેલની દિવાલ બાંધકામ દરમિયાન ધરાશાયી થતાં ત્રણ કામદારોનાં મોત

જયપુર,તા.૨૯




રાજસ્થાનના આમેરમાં તાલામોડ નજીક અરવલ્લી પેલેસ હોટેલ સંકુલમાં એક દુઃખદ અકસ્માત સર્જાયો છે. અહીં બાંધકામ હેઠળની એક દિવાલ અચાનક ધરાશાયી થતાં, ગટરના ખાડાનું સમારકામ કરી રહેલા અડધો ડઝન જેટલા કામદારો કાટમાળ નીચે દટાયા હતા. સ્થાનિક લોકોની મદદથી કાટમાળ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ બે મહિલા અને એક પુરુષ સહિત ત્રણ કામદારોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડાયા છે.

બીજી તરફ, જયપુર-અજમેર હાઈવે પર દુદુ નજીક મોખમપુરા વિસ્તારમાં રોડ સાઈડ ઊભેલી ખાનગી બસને પાછળથી આવતી ઝડપી ટ્રકે ટક્કર મારતાં અન્ય એક ગંભીર અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં બસ ડ્રાઈવર સહિત ત્રણ લોકોનાં મોત થયાં છે અને ત્રણ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસે બંને ઘટનાઓ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જર્મનીમાં યુથ સેન્ટરમાં ધડાધડ ગોળીબારથી પાંચ લોકોના મોત

હેમ્બર્ગ,તા.૨૯



જર્મનીના ઉત્તરી ભાગમાં આવેલા સ્ટેડ શહેરમાં સોમવારે જાહેરમાં થયેલા અંધાધૂંધ ગોળીબારની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચાવી છે. સેન્ટ્રલ સ્ટેડ વિસ્તારમાં આવેલા એક યુથ સેન્ટરમાં થયેલા આ હુમલામાં ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાનું સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ઈમરજન્સી સેવાઓની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારને ઘેરી લઈ તપાસ શરૂ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે ૨ શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ કરી છે અને તેમની પૂછપરછ હાથ ધરી છે.સ્થાનિક મીડિયા અહેવાલો મુજબ ઘટનાના સમયે યુથ સેન્ટરમાં અનેક લોકો હાજર હતા. કેટલાક પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો છે કે હુમલો એકથી વધુ હુમલાખોરોએ કર્યો હતો, જોકે પોલીસે હજુ સુધી આ દાવાની સત્તાવાર પુષ્ટિ કરી નથી. હુમલાનું ચોક્કસ કારણ શું હતું અને તેની પાછળ કોઈ વ્યક્તિગત દુશ્મનાવટ, આતંકી કાવતરું કે અન્ય કોઈ કારણ છે કે નહીં તે અંગે તપાસ ચાલી રહી છે.સુરક્ષા દળોએ લોકોને અફવાઓથી દૂર રહેવા અને અધિકૃત માહિતી પર જ વિશ્વાસ રાખવાની અપીલ કરી છે.

# પુણેમાં બાળકી પર બળાત્કાર અને હત્યાના કેસમાં વૃધ્ધને મૃત્યુદંડની સજા

પુણે,તા.૨૯

પુણેની ખાસ કોર્ટે ફાસ્ટ-ટ્રેક સુનાવણી કરીને, ૧ મે ૨૦૨૬ના રોજ ૩ વર્ષની માસૂમ બાળકીનું અપહરણ, બળાત્કાર અને પથ્થરથી માથું કચડીને હત્યા કરનારા ૬૫ વર્ષીય આરોપી ભીમરાવ કાંબલેને બે મહિનાની અંદર મૃત્યુદંડની સજા ફટકારી છે. આરોપીએ ગુનો છુપાવવા મૃતદેહને છાણના ઢગલામાં દાટ્યો હતો, પરંતુ સીસીટીવીના આધારે તેની ધરપકડ કરાઈ હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રેકોર્ડ સમયમાં તપાસ પૂર્ણ કરવા બદલ પોલીસ અને સરકારી વકીલને અભિનંદન પાઠવ્યા છે. બીજી તરફ, રાષ્ટ્રીય મહિલા આયોગ અને બાળ અધિકાર સંરક્ષણ આયોગે આ જઘન્ય ઘટનાની ગંભીર નોંધ લઈ ન્યાયિક પ્રક્રિયા અને બાળકીઓની સુરક્ષા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

# કરાચી હુમલો બાદ ભારતે પાકિસ્તાનને આત્મનિરીક્ષણ કરવાની સલાહ આપી


નવી દિલ્હી,તા.૨૯



પાકિસ્તાનના કરાચીમાં સિંધ રેન્જર્સના મુખ્યાલય પર પ્રતિબંધિત આતંકવાદી સંગઠન 'જમાત-ઉલ-અહરાર' દ્વારા ભીષણ હુમલો કરવામાં આવ્યો હતો. ૯૦ મિનિટ ચાલેલી આ અથડામણમાં ૪ સુરક્ષા કર્મચારીઓ શહીદ થયા હતા, જ્યારે ૬ આતંકવાદીઓને ઠાર મારી એકને જીવતો પકડવામાં આવ્યો હતો. આ ઘટના બાદ પાકિસ્તાને ભારત પર પાયાવિહોણા આક્ષેપો લગાવ્યા હતા, જેને ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે. ભારતે પાકિસ્તાનને અન્ય દેશો પર આંગળી ચીંધવાને બદલે આત્મનિરીક્ષણ કરવાની સલાહ આપી છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાને તેની ધરતી પર ચાલી રહેલા આતંકવાદી માળખા સામે નક્કર કાર્યવાહી કરવી જોઈએ અને રાજ્ય નીતિ તરીકે આતંકવાદનો ઉપયોગ કરવાની તેની જૂની આદત છોડી દેવી જોઈએ. કરાચીમાં ઓક્ટોબર ૨૦૨૪ પછી થયેલો આ પહેલો મોટો આતંકવાદી હુમલો છે, જેણે પાકિસ્તાનની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી પ્રશ્નો ઊભા કર્યા છે.

# કેતન અગ્રવાલ હત્યા કેસમાં આરોપી સિયા ગોયલને લોહાગઢ કિલ્લા લઈ જવામાં આવી

પુણે,તા.૨૯



પુણેના કેતન અગ્રવાલ હત્યા કેસમાં પોલીસે આરોપી સિયા ગોયલ સાથે લોહાગઢ કિલ્લા પર જઈને ક્રાઈમ સીન રિક્રિએશન કર્યું હતું. સિયાએ ખુલાસો કર્યો કે તેના મંગેતર ચેતન ચૌધરીએ કેતનને ધક્કો માર્યો હતો. પોલીસે ચેતનની કાર, હૂડી અને હેડફોન જપ્ત કર્યા છે. બંને આરોપીઓના નિવેદનોની સચોટતા ચકાસવા પોલીસ ફરીથી બંનેને સાથે રાખીને રિક્રિએશન કરી શકે છે. આ ઉપરાંત, બંને વચ્ચેની વોટ્સએપ ચેટ્સ પણ ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવી છે.

# ઈરાનના સુપ્રિમો ખામેનીના અંતિમ સંસ્કારમાં ભારતીય પ્રતિનિધિઓ હાજરી આપવા જશે

નવી દિલ્હી,તા.૨૯





ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીના અંતિમ સંસ્કાર ૪ થી ૯ જુલાઈ દરમિયાન યોજાશે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને આ અંતિમવિધિમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતું. જોકે, પીએમ મોદી વ્યક્તિગત રીતે આ સમારોહમાં હાજરી આપવાના નથી. ભારત સરકાર વતી પ્રતિનિધિ તરીકે બિહારના ગવર્નર લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્યમંત્રી પવિત્રા માર્ગેરિતા ઈરાન જશે. ખામેનીનું અવસાન ૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયેલ અને અમેરિકાના સંયુક્ત હુમલામાં થયું હતું, ત્યારબાદ તેમના પુત્ર મોજતબા અલી ખામેનીને નવા સુપ્રીમ લીડર જાહેર કરાયા છે. ખામેનીના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે તેહરાન અને કોમ લઈ જવાયા બાદ ૯ જુલાઈએ તેમના જન્મસ્થળ મશહદમાં ઈમામ રેઝા દરગાહ સંકુલ ખાતે દફનાવવામાં આવશે. આ સાથે જ હુમલામાં માર્યા ગયેલા તેમના પુત્રી અને જમાઈની અંતિમવિધિ પણ તે જ દિવસે કરાશે.

# રાજસ્થાન અને હરિયાણા વચ્ચે ૩૨ વર્ષ જૂનો યમુના પાણી વિવાદ આખરે સમાપ્ત

નવી દિલ્હી,તા.૨૯



રાજસ્થાન અને હરિયાણા વચ્ચે છેલ્લા ૩૨ વર્ષથી ચાલી રહેલો યમુના પાણી વિવાદ આખરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીની ઉપસ્થિતિમાં સમાપ્ત થઈ રહ્યો છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્માના પ્રયાસોથી માત્ર અઢી વર્ષમાં આ ઐતિહાસિક કરાર શક્ય બન્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજસ્થાનના પાણીની અછતવાળા વિસ્તારોને પીવાનું પાણી પૂરું પાડવાનો છે.

૧૯૯૪ના કરાર મુજબ હરિયાણા હથિનીકુંડ બેરેજથી પોતાના હિસ્સાનું પાણી આપવા સંમત થયું છે. આ માટે ૨૯૫ કિલોમીટર લાંબી ભૂગર્ભ પાઈપલાઈન નાખવામાં આવશે, જેનાથી રાજસ્થાનના શેખાવતી પ્રદેશને ૧૯૧૭ ક્યુસેક પાણી મળશે. આ પ્રોજેક્ટથી ચુરુ, સીકર અને ઝુનઝુનુ જિલ્લાના લાખો લોકોને સીધો ફાયદો થશે. ત્રણ દાયકાથી નહેર નિર્માણ અને પાણીની ઉપલબ્ધતા અંગે બંને રાજ્યો વચ્ચે કોઈ સહમતી સધાઈ ન હતી, જે હવે ઉકેલાઈ ગઈ છે.

# આરએસએસ અંગેની ટિપ્પણી મામલે પ્રિયાંક ખડગેને કોર્ટનું સમન્સ

બેંગલુરુ, તા.૨૯

કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયાંક ખડગે અને યુવા કોંગ્રેસના નેતા મોહમ્મદ નાલાપડને આરએસએસ અંગેની કથિત અપમાનજનક ટિપ્પણીઓના મામલે બેંગલુરુની કોર્ટે સમન્સ પાઠવ્યું છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે બંનેને ૨૧ જુલાઈ સુધીમાં જવાબ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. આરએસએસ કાર્યકર એ. તેજસે દાખલ કરેલી ફોજદારી માનહાનિની ફરિયાદના આધારે કોર્ટે કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદમાં ખડગે પર સોશિયલ મીડિયા પોસ્ટ અને સરકારને લખાયેલા પત્ર દ્વારા આરએસએસની છબીને નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકાયો છે. જોકે, આ જ કેસમાં કર્ણાટકના પૂર્વ મંત્રી દિનેશ ગુંડુ રાવ સામે કાર્યવાહી કરવાનો કોર્ટે ઈનકાર કર્યો છે. પ્રિયાંક ખડગેએ આ મામલે કોઈ ટિપ્પણી કરવાની ના પાડી છે.


**CHANGE OF NAME**

I ASHVI MANSUKHBHAI PADSHALA here by declare that I have changed my name from ASHVI MANSUKHBHAI PADSALA to ASHVI MANSUKHBHAI PADSHALA.


# રામ મંદિર દાન વિવાદ મામલે સુપ્રીમે તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કર્યો

નવી દિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે અયોધ્યા રામ મંદિરના દાનમાં કથિત નાણાકીય અનિયમિતતાઓની સીબીઆઈ (CBI) સંચાલિત એસઆઈટી (SIT) પાસે તપાસ કરાવવાની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે.

અદાલતે અરજદારને આ મામલે તાકીદ અંગે પ્રશ્ન કરીને જણાવ્યું કે, વેકેશનનો સમયગાળો પૂરો થયા પછી નિયમિત કોર્ટ ખુલતા જ આ કેસને સૂચિબધ્ધ કરવામાં આવશે. બીજી તરફ, ઉત્તર પ્રદેશ સરકારે મંદિર ટ્રસ્ટની વિનંતી પર આ મામલે તપાસ કરવા માટે પહેલાથી જ ત્રણ સભ્યોની એસઆઈટી (SIT) ની રચના કરી દીધી છે. જોકે, અરજદારોનું કહેવું છે કે એફઆઈઆર (FIR) વિના થઈ રહેલી આ તપાસ પૂરતી નથી અને લાખો ભક્તોની શ્રધ્ધા જાળવવા માટે સ્વતંત્ર એજન્સી દ્વારા નિષ્પક્ષ ઓડિટ અને તપાસ જરૂરી છે.

# વ્યસનમુક્ત ભારત માટે કેન્દ્ર સરકાર અને ગાયત્રી પરિવાર વચ્ચે ઐતિહાસિક કરાર

નવી દિલ્હી,તા.૨૯




કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે દેશને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે વૈશ્વિક સંસ્થા 'અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર' સાથે જોડાણ કર્યું છે. આ ઐતિહાસિક કરાર હેઠળ દેશભરમાં રાષ્ટ્રીય સ્તરે વ્યાપક જન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવશે. હરિદ્વારની દેવ સંસ્કૃતિ યુનિવર્સિટી ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમાર અને કુલપતિ ડૉ. ચિન્મય પંડ્યાની ઉપસ્થિતિમાં આ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરાયા હતા. આ પ્રસંગે બે હજારથી વધુ સ્વયંસેવકોએ ડ્રગ્સ મુક્ત ભારતની પ્રતિજ્ઞા સાથે ભવ્ય રેલી યોજી હતી. સરકારનું માનવું ગાયત્રી પરિવારના નૈતિક મૂલ્યો અને લોકભાગીદારી થકી જ આ સામાજિક બદીને નાબૂદ કરી શકાશે.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૩૧/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી રમણીકભાઈ ભીમજીભાઈ સોજીત્રા
સરનામું :- મુ.ધારેશ્વર, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ધારેશ્વર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ધારેશ્વર મુકામે ના શ્રી રમણીકભાઈ ભીમજીભાઈ સોજીત્રા તેમના પુત્રી નામે શ્રી સુનંદાબેન રમણીકભાઈ સોજીત્રાનો જન્મ તા.૧૮/૦૩/૧૯૮૯ ના રોજ રાજુલા તાલુકાના ધારેશ્વર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.જે.તેરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૦૨/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ચંદ્રાબેન વિરાભાઈ ધાખડા વા/ઓ. ભરતભાઈ ખુમાણ
સરનામું :- મુ.લીખાળા, તા.સા.કુંડલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - દીપડીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના દીપડીયા મુકામે ના શ્રી ચંદ્રાબેન વિરાભાઈ ધાખડાએ તેમના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૦ ના રોજ રાજુલા તાલુકાના દિપડીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.જે.તેરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# અમરેલીમાં જીએસટીના દરોડાથી વેપારીઓમાં ફફડાટ

અમરેલી,તા.૨૯

અમરેલી શહેરમાં સોમવારના રોજ જીએસટી વિભાગની ટીમે અચાનક કાર્યવાહી હાથ ધરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. મળતી માહિતી મુજબ શહેરની ત્રણ વેપારી પેઢીમાં અધિકારીઓએ દરોડા પાડી બિલો અને અન્ય દસ્તાવેજોની ચકાસણી કરી હતી. જીએસટી ટીમ શહેરમાં પહોંચી હોવાની માહિતી વાયુવેગે ફેલાતા અનેક વેપારીઓએ પોતાની દુકાનો તાત્કાલિક બંધ કરી દીધી હતી અને કેટલાક સ્થળ છોડી નીકળી ગયા હતા. અચાનક થયેલી આ કાર્યવાહીના કારણે બજારમાં થોડા સમય માટે અફરાતફરી મચી જવા પામી હતી. વેપારીઓમાં સમગ્ર દિવસ દરમિયાન દરોડાને લઈને વિવિધ ચર્ચાઓ ચાલી હતી. જોકે, અધિકારીઓ તરફથી કાર્યવાહી અંગે કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી. હાલમાં સમગ્ર મામલે વેપારીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.


**CHANGE OF NAME**

I JAGRUTIBEN MANSUKHBHAI PADSHALA here by declare that I have changed my name from JAGRUTIGEN MANSUKHBHAI PADSALA to JAGRUTIBEN MANSUKHBHAI PADSHALA.

**CHANGE OF NAME**

I MANSUKHBHAI LAKHMANBHAI PADSHALA here by declare that I have changed my name from MANSUKHBHAI LAKHMANBHAI PADSALA to MANSUKHBHAI LAKHMANBHAI PADSHALA.

# એકસાથે ૩ સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં ગુરૂવારથી વરસાદ ધબધબાટી બોલાવશે

અમદાવાદ,તા.૨૯



હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ એકસાથે સક્રિય થતાં ૨ અને ૩ જુલાઈએ વરસાદ પડવાની શક્યતા છે. મધ્યપ્રદેશ આસપાસ સર્જાયેલી સિસ્ટમને કારણે સુરત, વલસાડ અને નવસારી સહિત દક્ષિણ ગુજરાતમાં ગુરુવારથી ભારે વરસાદ પડી શકે છે. બુધવારે અમદાવાદ સહિતના વિસ્તારોમાં ગાજવીજ અને ૪૦ થી ૫૦ કિમીની ઝડપે પવન સાથે છૂટોછવાયો વરસાદ આવી શકે છે, જ્યારે માછીમારોને દરિયો ન ખેડવા સલાહ અપાઈ છે.

બીજી તરફ, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી મુજબ ૩ અને ૪ જુલાઈએ બંગાળની ખાડીમાં લો-પ્રેશર અને ડીપ ડિપ્રેશન સર્જાવાને કારણે દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રના ભાગોમાં ૧૧ જુલાઈ સુધીમાં ભારેથી અતિભરે વરસાદ પડી શકે છે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવી શિક્ષણ નીતિ

# ધોરણ ૯-૧૦ના અભ્યાસક્રમમાં મોટો ફેરફાર, હવે ૮ મુખ્ય વિષયો ફરજિયાત

**ધોરણ ૧૦મા આવતા વર્ષથી ફેરફાર કરવામાં આવશે**

ગાંધીનગર,તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવી શિક્ષણ નીતિ (NEP-2020) અને નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (NCF-SE)ના અમલને ધ્યાનમાં રાખી ધોરણ ૯ અને ૧૦ના વિષય માળખામાં મહત્વપૂર્ણ ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે. શિક્ષણ વિભાગની મંજૂરી બાદ નવા અભ્યાસક્રમનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ધોરણ-૧૦માં અને ૨૦૨૭-૨૮થી ધોરણ-૯માં શરૂ કરવામાં આવશે. નવા માળખા મુજબ વિદ્યાર્થીઓએ હવે ૧૦ના બદલે ૮ મુખ્ય વિષયોનો અભ્યાસ કરવો પડશે. વિદ્યાર્થીઓ પરનો અભ્યાસનો બોજ ઘટાડવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી ફરજિયાત રહેલો વ્યાવસાયિક શિક્ષણનો વિષય દૂર કરવામાં આવ્યો છે. તેના સ્થાને વિદ્યાર્થીઓમાં સામાજિક સમજ, જવાબદારી અને નાગરિક મૂલ્યો વિકસે તે માટે 'વ્યક્તિ અને સમાજજીવન' નામનો નવો વિષય ઉમેરવામાં આવ્યો છે. બોર્ડના આ નિર્ણયને નવી શિક્ષણ નીતિના અમલ તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# અમદાવાદમાં રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજીની ભવ્ય જળયાત્રા સંપન્ન

અમદાવાદ,તા.૨૯

અમદાવાદમાં ૧૬ જુલાઈએ નીકળનારી રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજીની પરંપરાગત જળયાત્રા યોજાઈ હતી. સાબરમતી નદીના ભુદરના તટેથી વૈદિક મંત્રોચ્ચાર સાથે ૧૦૮ પીતળના કળશમાં પવિત્ર જળ લાવી ભગવાનનો મહાજલાભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાજપ પ્રદેશ અધ્યક્ષ, મેયર અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. જળાભિષેક બાદ ભગવાને વર્ષમાં એક જ વાર થતા દિવ્ય 'ગજવેશ'માં દર્શન આપ્યા હતા અને ત્યારબાદ તેઓ ૧૫ દિવસ માટે મોસાળ સરસપુર પધાર્યા છે. ગત વર્ષની ઘટનામાંથી પાઠ ભણી, આ વખતે સુરક્ષાના ભાગરૂપે રૂટ પર ડીજે અને ઢોલ-નગારા પર પ્રતિબંધ હતો, તેમજ હાથીઓની દેખરેખ માટે ડોક્ટરોની ટીમ અને ૫૦૦થી વધુ પોલીસ જવાનો ખડેપગે તૈનાત કરાયા હતા.

# અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી આવેલો રૂ.૧૧ કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

અમદાવાદ,તા.૨૯



અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટે બેંગકોકથી આવેલી ફ્લાઈટના એક પેસેન્જર પાસેથી ૧૦.૯૧૧ કિલોગ્રામ હાઈબ્રિડ ગાંજો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની કિંમત આશરે રૂ.૧૧ કરોડ અંકાયા છે. પકડાયેલો આરોપી જૂનાગઢના માંગરોળનો રહેવાસી છે અને તેની સામે એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરાઈ છે. ટ્રોલી બેગમાં પ્લાસ્ટિકથી પેક કરેલા ૫ પેકેટ શોધવામાં કસ્ટમ વિભાગના માત્ર ૯ મહિનાના સ્નિફર ડૉગે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા અઢી વર્ષમાં અમદાવાદ એરપોર્ટ પરથી રૂ.૧૦૦૦ કરોડથી વધુનું ડ્રગ્સ ઝડપાયું છે, પરંતુ ડ્રગ્સના હવાલા નેટવર્ક અને નાણાંકીય વ્યવહારો સામે કડક કાર્યવાહી ન થવા બાબતે એજન્સીઓ પર સવાલો ઊઠી રહ્યા છે.

# અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો અને તોડફોડ

અમદાવાદ,તા.૨૯



અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં બે યુવકો વચ્ચેની સામાન્ય બોલાચાલી બાદ જૂની અદાવતમાં બે જૂથો સામસામે આવી ગયા હતા. જમણવાર દરમિયાન બંને પક્ષો વચ્ચે દંડાવાળી, વાહનોમાં તોડફોડ અને હુમલો થતાં અફરાતફરી મચી ગઈ હતી, જેમાં એક મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી. આ ઘટનાનો પથ્થરમારાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. રથયાત્રા પૂર્વે બનેલી આ ઘટના અંગે પોલીસે બંને પક્ષની ફરિયાદો અને વીડિયોના આધારે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જેતપર ખેડૂત આંદોલન યથાવત: સરકારના સંવાદના આમંત્રણનો ખેડૂતોએ કર્યો ઈનકાર

જેતપુર,તા.૨૯




મોરબીના જેતપર ગામે વીજ લાઈનના થાંભલા ઊભા કરવા સામે ખેડૂતોનું આંદોલન અને આમરણાંત ઉપવાસ ૧૧મા દિવસે પણ યથાવત છે. પ્રશ્નનો ઉકેલ લાવવા સરકારે વીજ કામગીરી સ્થગિત કરી ખેડૂત સમિતિને રૂબરૂ ચર્ચા માટે સત્તાવાર લેખિત આમંત્રણ આપ્યું હતું. જિલ્લા કલેક્ટર સ્વપ્નિલ ખરેએ જણાવ્યું કે સરકાર ખેડૂતોની ૬ મુખ્ય માંગણીઓ અંગે હકારાત્મક વલણ ધરાવે છે અને ખેડૂતોને ગેરમાર્ગે ન દોરાવા અપીલ કરી છે.

જોકે, પ્રાંત અધિકારી અને ડીવાયએસપી (DySP) પત્ર લઈને ઉપવાસ છાવણીએ પહોંચ્યા ત્યારે ખેડૂતોએ તેનો અસ્વીકાર કર્યો હતો. ખેડૂતોનું કહેવું છે કે તેઓ પોતાની માંગણીઓ અગાઉ જ લેખિતમાં આપી ચૂક્યા છે. હવે માત્ર ચર્ચાનું આમંત્રણ નહીં, પરંતુ સરકાર કઈ માંગણીઓ સ્વીકારવા તૈયાર છે તેની સ્પષ્ટ લેખિત ખાતરી જોઈએ. ત્યાં સુધી વાટાઘાટો નહીં થાય અને ઉપવાસ ચાલુ રહેશે.

# શાપર-વેરાવળ લૂંટ કેસ મામલે મધ્યપ્રદેશથી ત્રણ આરોપીને ઝડપી પાડતી રાજકોટ પોલીસ

રાજકોટ,તા.૨૯



રાજકોટના શાપર-વેરાવળમાં ૭૭ વર્ષના વૃધ્ધ વેપારી જીતેન્દ્રસિંહ જાડેજાના ઘરમાં ઘૂસીને થયેલી રૂ.૨.૪૮ કરોડની સશસ્ત્ર લૂંટનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસે મધ્યપ્રદેશના તેજારીયા ગામમાં સ્થાનિક પોલીસની મદદથી ઓપરેશન પાર પાડીને ૩ રીઢા આરોપીઓને દબોચી લીધા છે. પકડાયેલા આરોપીઓ પાસેથી રૂ.૪૧ લાખની રોકડ, સોનાના દાગીના અને લૂંટાયેલી કિંમતી એન્ટિક રાયફલ કબજે કરવામાં આવી છે.

પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો છે કે ભોગ બનનારના ત્યાં અગાઉ કામ કરતા એક સગાએ જ મધ્યપ્રદેશની ગેંગને બાતમી આપી હતી કે વૃધ્ધ ઘરમાં એકલા રહે છે અને તેમની પાસે મોટી રકમ છે. આ ટીપના આધારે લૂંટારૂઓએ રાત્રે ૧ વાગ્યે આવીને દરવાજો તોડી, વૃધ્ધને બંધક બનાવી લૂંટ ચલાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સોર્સના આધારે પગેરું મેળવી આ સફળતા મેળવી છે.






# સાયલાના મદારગઢમાં ગેરકાયદે ખનન ઝડપાયું: રૂ. ૨ કરોડનો મુદ્દામાલ કરાયો જપ્ત

સુરેન્દ્રનગર તા. ૨૯

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના મદારગઢ ગામની સીમમાં ચાલતા ગેરકાયદે કાળા પથ્થરોના ખનન પર એલસીબી (LCB) ટીમે દરોડો પાડ્યો છે. કોઈ પણ મંજૂરી વિના સરકારી નિયમોનું ઉલ્લંઘન કરીને ચાલતી આ ખનીજ ચોરીના સ્થળેથી પોલીસે ૩ હિટાચી મશીન, ૨ ડમ્પર અને કમ્પ્રેસર સહિત કુલ રૂ.૨ કરોડનો મસમોટો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે આગળની કડક દંડનીય કાર્યવાહી માટે ખાણ ખનીજ વિભાગને લેખિત જાણ કરવામાં આવી છે.

# નર્મદાના ગરુડેશ્વરમાં સરકારી પ્લોટ ખડકાયેલા અધિકારીઓના બંગલા પર ફર્યુ બુલડોઝર

નર્મદા,તા.૨૯



નર્મદા જિલ્લાના ગરુડેશ્વરમાં સરકારી પ્લોટ બાબતે સર્જાયેલા વિવાદ બાદ ઉચ્ચ અધિકારીઓના સરકારી બંગલાઓ પર તંત્ર દ્વારા ડિમોલિશનની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં ૧૩ અધિકારીઓને પ્લોટ ફાળવાયા હતા, જેમાં નિયમભંગ બદલ ૫ મકાનો તોડવાનો હુકમ કરાયો છે. તંત્રએ સતત બીજા દિવસે કાર્યવાહી ચાલુ રાખી કુલ ૫ માંથી બાકીના ૪ બંગલાઓ જમીનદોસ્ત કર્યા છે, જ્યારે અન્ય ૨ અધિકારીઓએ સ્ટે મેળવતા તેમની સુનાવણી બાકી છે. લાખોની લોન લઈને બનાવેલા ઘરો તૂટતા પરિવારોમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી.






# કાલુપુરના વેપારીના નામે રૂ. ૩૫ લાખની આંગડિયા છેતરપિંડી

અમદાવાદ,તા.૨૯

અમદાવાદના કાલુપુરમાં કાપડનો વેપાર કરતા આશારામ ચૌધરીના ભાઈ (તમિલનાડુ) પર અજાણ્યા શખ્સે તેમના બેંગલુરુના મિત્ર રમેશ તરીકે ફોન કર્યો હતો. ઠગે મુંબઈમાં કટોકટી હોવાનું બહાનું બતાવી, વિશ્વાસમાં લઈ મુંબઈની આંગડિયા પેઢીમાં રૂ. ૩૫ લાખ મગાવી લીધા હતા. બે કલાકમાં નાણાં પરત ન મળતાં મિત્ર સાથે ખરાઈ કરતા ઠગાઈનો ભોગ બન્યાનો અહેસાસ થયો હતો.